CMYK CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૭૯ ફાગણ સુદ-૧૩  શનિવાર, તા.૨૩-૦૩-૨૦૨૪  અંક : ૧૩૦ વર્ષ : ૨૧  news@aaspassindia.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

# મોસ્કોમાં આતંકી હુમલામાં મૃત્યાંક ૬૦ : આંકડો વધવાની શક્યતા











## ISISએ લીધી હુમલાની જવાબદારી : ૬૦૦૦ લોકોનાં કાર્યક્રમમાં અંધાધૂંધ ગોળીબાર, ચારેબાજુ મૃતદેહો વેરવિખેર

મોસ્કો

રશિયાની રાજધાની મોસ્કોના ક્રોકસ સિટી હોલમાં થયેલા આતંકી હુમલામાં મૃત્યુઆંક ૬૦ પર પહોંચી ગયો છે. આંકડો વધવાની શક્યતા છે. ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આ હુમલો ત્યારે થયો જ્યારે પ્રખ્યાત રશિયન રોક બેન્ડ 'પિકનિક'ના કોન્સર્ટમાં ભાગ લેવા માટે ક્રોકસ સિટી હોલમાં લોકોની ભીડ એકઠી થઈ હતી. આ હોલમાં ૬,૦૦૦થી વધુ લોકો બેસી શકે છે. લડાયક પોશાકમાં ઓછામાં ઓછા પાંચ લોકો કોન્સર્ટ હોલમાં પ્રવેશ્યા અને ગોળીબાર કર્યો હતો.

આ હુમલો શુક્રવારે સાંજે (૨૨ માર્ચ) થયો હતો. આતંકવાદી સંગઠન ISISએ આની જવાબદારી લીધી છે. આર્મી યુનિફોર્મમાં સજ્જ પાંચ આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો અને બોમ્બ ફેંક્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું- અમે મોસ્કોમાં આતંકવાદી હુમલાની નિંદા કરીએ છીએ. અમારી સંવેદના પીડિતોના પરિવારો સાથે છે. દુ:ખની આ ઘડીમાં ભારત રશિયાની સરકાર અને લોકો સાથે ઊભું છે.

આતંકવાદી સંગઠન ISISએ અમાક ન્યૂઝ એજન્સી દ્વારા નિવેદન જારી કર્યું છે. "ઈસ્લામિક સ્ટેટના લડવૈયાઓએ રશિયાની રાજધાની મોસ્કોની સીમમાં આવેલા ક્રાસ્નોગોર્સ્ક શહેરમાં ખ્રિસ્તીઓના એક વિશાળ સભા પર હુમલો કર્યો, તેઓ સુરક્ષિત રીતે તેમના સ્થાને પાછા ફરે તે પહેલાં સેંકડો લોકોને મારી નાખ્યા અને ઘાયલ કર્યા, હુમલા બાદ આતંકીઓ સ્થળ પરથી ભાગી ગયા હતા.

બીબીસીએ પોતાના રિપોર્ટમાં એક્સપર્ટ્સને ટાંકીને લખ્યું - આ હુમલો ISISની ખોરાસન વિંગ એટલે કે ISIS-K દ્વારા કરવામાં આવ્યો હતો. ISIS-K નું નામ ઉત્તરપૂર્વ ઈરાન, દક્ષિણ તુર્કમેનિસ્તાન અને ઉત્તર અફઘાનિસ્તાનનો સમાવેશ કરતા પ્રદેશના નામ પરથી રાખવામાં આવ્યું છે.

## રંજનબેન અને ભીખાજી ઠાકોરએ ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવી

### વડોદરા અને સાબરકાંઠામાં પ્રેશર પોલિટિક્સ!: વડોદરામાં જ્યોતિબેન અને કેતન ઈનામદારનું પ્રેશર કામ કરી ગયું

વડોદરા,

વડોદરા ભાજપમાં જૂથવાદને લઈ વડોદરા લોકસભા બેઠકનાં ઉમેદવાર રંજનબેન ભટ્ટે પોતાની ઉમેદવારી પાછી ખેંચી છે. તેમણે સોશિયલ મીડિયામાં જાહેરાત કરી છે. તેમના સોશિયલ મીડિયાના ઠ હેન્ડલ, ફેસબુક પર જણાવ્યું છે કે હું રંજનબેન... ધનંજય ભટ્ટ મારા અંગત કારણોસર લોકસભા ૨૦૨૪ની ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવું છું. રંજનબેને ઉમેદવારી પાછી ખેંચી એની પાછળ જ્યોતિબેન પંડ્યા અને કેતન ઈનામદારનું પ્રેશર કામ કરી





ગયાનું પણ કહેવાય છે. જ્યારે સાબરકાંઠા બેઠક પર ભાજપના ઉમેદવાર ભીખાજી ઠાકોરે પણ ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવી છે.

## ભૂટાને પીએમ મોદીને સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલ્પો'થી કર્યા સન્માનિત

થિમ્પુ,

PM મોદી શુક્રવારે બે દિવસની સરકારી મુલાકાતે ભૂટાનની રાજધાની થિમ્પુ પહોંચ્યા હતા. આજે તેમની બે દિવસની મુલાકાત પૂર્ણ થશે. શુક્રવારે પારો એરપોર્ટ પર પીએમ મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમનું એરપોર્ટ પર ભૂટાનના વડા પ્રધાન શેરિંગ તોબગેએ સ્વાગત કર્યું હતું. પારો ઈન્ટરનેશનલ એરપોર્ટથી થિમ્પુ સુધીના ૪૫ કિલોમીટર લાંબા રૂટને ભારત અને ભૂતાનના ધ્વજથી શણગારવામાં આવ્યો હતો. ભૂટાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેનું સર્વોચ્ચ નાગરિક સન્માન આપ્યું છે. તેઓ ભૂટાનનું સર્વોચ્ચ નાગરિક સન્માન મેળવનાર પ્રથમ વિદેશી સરકારના વડા બન્યા છે. ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ



વાંગચુકે પીએમ મોદીને 'ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલ્પો' થી સન્માનિત કર્યા. પીએમ મોદીએ આ સન્માન માટે આભાર વ્યક્ત કરતા કહ્યું કે તેઓ આ સન્માન ૧૪૦ કરોડ ભારતીયોને સમર્પિત કરે છે.

સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત થયા બાદ પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું, 'આજનો દિવસ એક ભારતીય તરીકે મારા જીવનનો એક મોટો દિવસ છે.

## ભારત રશિયાની સાથે છે : PM મોદીએ મોસ્કોમાં આતંકી હુમલાની કરી નિંદા

નવીદિલ્હી,

રશિયાની રાજધાની મોસ્કોમાં શુક્રવારે મોટો આતંકી હુમલો થયો હતો. બંદૂકધારીઓએ એક મોટા ખ્રિસ્તી મેળાવડાના સ્થળે લોકો પર અંધાધૂંધ ગોળીબાર કર્યો. આ હુમલામાં ૬૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૧૦૦ થી વધુ લોકો ઘાયલ પણ થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ હુમલાની નિંદા કરી છે. તેમણે રશિયા પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આતંકીઓ સેનાની વર્દી પહેરીને સમારોહના સ્થળે ઘૂસ્યા હતા.

પીએમ મોદીએ કહ્યું, 'મોસ્કોમાં થયેલા જઘન્ય આતંકવાદી હુમલાની અમે સખત નિંદા કરીએ છીએ. અમારા વિચારો અને પ્રાર્થના પીડિત પરિવારો સાથે છે. ભારત દુખની આ ઘડીમાં રશિયન ફેડરેશનની સરકાર અને લોકો સાથે એકતામાં ઊભું છે. થોડા દિવસ પહેલા જ રશિયાના રાષ્ટ્રપતિ



વ્લાદિમીર પુતિને રશિયામાં યોજાયેલી ચૂંટણી જીતીને સત્તા પર પોતાની પકડ વધુ મજબૂત કરી હતી.

## CBIએ સસ્પેન્ડેડ સાંસદ મહુઆ મોઈત્રાના પરિસરમાં પાડ્યા દરોડા

નવીદિલ્હી,

સીબીઆઈની ટીમે તૃણમૂલ કોંગ્રેસના નેતા અને સસ્પેન્ડેડ સાંસદ મહુઆ મોઈત્રાના અનેક સ્થળો પર દરોડા પાડ્યા છે. કોલકાતામાં તેના નિવાસસ્થાન અને અન્ય સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. સંસદમાં પૈસાના બદલામાં સવાલ પૂછવાના મામલે આ કાર્યવાહી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, મોઈત્રાને ગયા વર્ષે ૮ ડિસેમ્બરે ઉદ્યોગપતિ દર્શન હિરાનંદાની પાસેથી કથિત રીતે ભેટ સ્વીકારવા અને સંસદની વેબસાઈટનો 'યુઝર આઈડી અને પાસવર્ડ' તેમની સાથે શેર કરવા બદલ દોષી ઠેરવવામાં આવી હતી. અને લોકસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવી હતી. મોઈત્રાએ કહ્યું હતું કે તેણીએ તેના સંસદીય લોગિન પ્રમાણપત્રો ઉદ્યોગપતિ સાથે શેર કર્યા છે જેથી તેનો સ્ટાફ સત્તાવાર પ્લેટફોર્મ પર તેના માટે પ્રશ્નો ટાઈપ કરી શકે.

## ED કેસ નોંધે અને જેપી નડ્ડાની પણ ધરપકડ કરે : આતિશી

### ભાજપને દારૂ કૌભાંડના રુપિયા મળ્યા : મની લોન્ડરિંગના આરોપીએ ભાજપને ૫૦ કરોડ આપ્યા

નવીદિલ્હી,

EDની કસ્ટડી મળ્યા બાદ કેજરીવાલે રાઉઝ એવન્યુ કોર્ટમાં મીડિયાને કહ્યું કે તેઓ રાજીનામું નહીં આપે. જરૂર પડશે તો જેલમાંથી સરકાર ચલાવીશ. તેના જવાબમાં ભાજપના નેતા મનોજ તિવારીએ કહ્યું કે જેલમાંથી સરકાર નહીં, ગેંગ ઓપરેટ થાય છે. AAP



નેતાઓ આજે શહીદી પાર્કમાં વિરોધ પ્રદર્શન કરશે

AAP નેતા ગોપાલ રાયે શુક્રવારે કહ્યું હતું કે આજે એટલે કે ૨૩ માર્ચે ITO પાસે શહીદી પાર્કમાં આમ આદમી પાર્ટીના તમામ નેતાઓ કેજરીવાલની ધરપકડનો વિરોધ કરશે. ૧૦ વાગ્યે શરૂ થનારા પ્રદર્શનમાં I.N.D.I.A બ્લોકના ઘણા નેતાઓ પણ ભાગ લેશે. ગોપાલ રાયે કહ્યું કે આ પ્રદર્શનમાં અમે દેશને તાનાશાહીમાં ફેરવાતો રોકવા માટે શપથ લઈશું.

## AAPના ધારાસભ્ય ગુલાબસિંહના ઘરે EDના દરોડા

### કેજરીવાલ ૨૮ માર્ચ સુધી EDની કસ્ટડીમાં : AAP શહીદી પાર્કમાં વિરોધ પ્રદર્શન કરશે

નવી દિલ્હી,

દિલ્હી લિકર પોલિસી કેસમાં, PMLA કોર્ટે ૨૨ માર્ચે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૬ દિવસ (૨૮ માર્ચ સુધી) માટે EDના રિમાન્ડ પર મોકલ્યા હતા. દરમિયાન આજે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગુલાબસિંહના નિવાસે પણ દોરડા પડ્યા છે. ગઈકાલે કેજરીવાલને બપોરે ૨ વાગ્યે તેને કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા. બપોરે ૨.૧૫ થી ૫.૧૫ સુધી




સુનાવણી ચાલી હતી. કેજરીવાલની ૨૧ માર્ચે સીએમ હાઉસથી ધરપકડ કરવામાં આવી હતી. EDની કસ્ટડી મળ્યા બાદ કેજરીવાલે રાઉઝ એવન્યુ કોર્ટમાં મીડિયાને કહ્યું કે તેઓ રાજીનામું નહી આપે.

જરૂર પડશે તો જેલમાંથી સરકાર ચલાવીશ. તેના જવાબમાં ભાજપના નેતા મનોજ તિવારીએ કહ્યું કે જેલમાંથી સરકાર નહી, ગેંગ ઓપરેટ થાય છે.

આ તરફ સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે ED દ્વારા કોર્ટમાં રજૂ કરાયેલા તથ્યો કે અમુક ચોક્કસ કંપનીઓએ દારૂની પોલિસી બનાવી છે, દિલ્હીના મુખ્યમંત્રીના વકીલોમાંથી કોઈએ તે વાતને નકારી નથી. અરવિંદ કેજરીવાલના નજીકના વિજય નાયરની પણ દારૂની નીતિ બનાવવામાં ભૂમિકા હતી. સ્મૃતિએ વધુમાં કહ્યું હતુ કે, કોર્ટમાં કેટલાક બેંક ટ્રાન્ઝેક્શનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

બેંક ટ્રાન્ઝેક્શન હેઠળ, સમીર મહેન્દ્રુ મેસર્સ રાધા ઈન્ડસ્ટ્રીઝને રૂ. ૧ કરોડ ટ્રાન્સફર કર્યા છે. દસ્તાવેજોમાં એવો પણ ખુલાસો થયો છે કે વિજય નાયર અને સમીર મહેન્દ્રુ ૨ થી ૪ કરોડ રૂપિયા આપે છે. કેજરીવાલના વકીલોએ પણ આ વાતને નકારી ન હતી.

## ઈલેક્ટોરલ બોન્ડ ખરીદનારી કંપનીઓમાં મેઘા ગ્રૂપ બીજા ક્રમે

નવીદિલહી,

ચૂંટણી દાન એટલે કે ઈલેક્ટોરલ બોન્ડ અંગે ચોંકાવનારી બાબતો સામે આવી રહી છે. મેઘા એન્જિનિયરિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, જે સૌથી વધુ દાન આપતી કંપનીઓમાં બીજા ક્રમે હતી, તેણે ઓક્ટોબર ૨૦૨૦માં ૨૦ કરોડ રૂપિયાનું ચૂંટણી દાન આપ્યું હતું.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ ચૂંટણી ડોનેશન રિપોર્ટ અનુસાર, ૨૦૧૯માં કંપનીએ કુલ ૧૩૦ કરોડ

### ઝોજિલા ટનલ કોન્ટ્રાક્ટ તેની પાસે છે

રૂપિયાના બોન્ડ ખરીદ્યા હતા, જેમાંથી ૧૨૫ કરોડ રૂપિયા ભાજપને અને ૫ કરોડ રૂપિયા કોંગ્રેસને આપવામાં આવ્યા હતા. નવેમ્બર ૨૦૧૯માં જ કંપનીને આંધ્રમાં ૪,૩૫૮ કરોડ રૂપિયાના પોલાવરમ પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. આ પહેલા, ઓક્ટોબર ૨૦૧૯માં કંપનીએ ૫ કરોડ રૂપિયાના ચૂંટણી બોન્ડ ખરીદ્યા હતા. એજન્સીના જણાવ્યા અનુસાર, આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં, કંપનીને એશિયાની સૌથી લાંબી ઝોજિલા પાસ ટનલ (જમ્મુ-કાશ્મીરથી લદ્દાખ સુધીના ઓલ સીઝન રોડ વચ્ચે) માટે રૂ. ૪,૫૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. ત્યારબાદ ૨૩ માર્ચમાં આ કંપનીને બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સમાં બુલેટ ટ્રેન સ્ટેશન બનાવવા માટે ૩,૬૮૧ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ મળ્યો.

## ભારતમાં વિરોધીઓ સામે કાર્યવાહી તેજ : વોશિંગ્ટન પોસ્ટમાં અરવિંદ કેજરીવાલની ધરપકડની હેડલાઈન

### ધરપકડ પર વૈશ્વિક મીડિયાની વિવિધ પ્રતિક્રિયા : અલજઝીરાએ લખ્યું- 'મૃત લોકશાહી' વિપક્ષને એક કરી શકશે?

નવી દિલ્હી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ગુરુવારે રાત્રે લિકર પોલિસી કેસમાં ધરપકડ કરવામાં આવી. વિશ્વભરની મીડિયા સંસ્થાઓએ આ ધરપકડને પોતપોતાના દ્રષ્ટિકોણથી કવર કરી છે. અમેરિકન મીડિયા હાઉસ વોશિંગ્ટન પોસ્ટે લખ્યું છે કે, 'વિરોધીઓ સામેની કાર્યવાહીની તીવ્રતા વચ્ચે ભારતે દિલ્હીના સીએમની ધરપકડ કરી છે'. તે જ સમયે, CNNએ તેના મુખ્ય પૃષ્ઠ પર ધરપકડના સમાચાર પ્રકાશિત કર્યા છે. તેની હેડલાઈનમાં લખ્યું છે, 'ચૂંટણી પહેલા દિલ્હીના સીએમની ધરપકડ, વિપક્ષે તેને કાવતરું ગણાવ્યું'. CNNની સાથે BBCએ પણ તેના મુખ્ય પેજ પર કેજરીવાલની ધરપકડના સમાચારને સ્થાન આપ્યું છે.

વોશિંગ્ટન પોસ્ટે લખ્યું, 'કેજરીવાલ ભારતની રાજધાની અને પંજાબ રાજ્ય પર શાસન કરે છે, તેમની ધરપકડ તાજેતરના સમયમાં વિપક્ષી નેતાની બીજી મોટી ધરપકડ છે. પોસ્ટમાં કેજરીવાલ સમક્ષ ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની ધરપકડનો પણ ઉલ્લેખ છે.

પોસ્ટમાં રાહુલ ગાંધીની પ્રેસ કોન્ફરન્સનો સંદર્ભ પણ આપવામાં આવ્યો હતો જેમાં ભારતમાં વિપક્ષી પાર્ટીઓ પરની કાર્યવાહીનો ઉલ્લેખ કરવામાં આવ્યો.

CNN - અમેરિકન મીડિયા હાઉસએ લખ્યું છે કે, ભારતમાં ગુરુવારે રાત્રે એક મહત્વપૂર્ણ વિપક્ષી નેતાની ધરપકડ કરવામાં આવી છે.

CMYK CMYK

# ડુપ્લિકેટ માટે સુરત એપી સેન્ટર : નકલી જન સુવિધા કેન્દ્ર ઝડપાયું

**આધારકાર્ડ, પાનકાર્ડ, રેશનકાર્ડ, આવકના દાખલા સહિત સરકારની જુદી જુદી યોજનાઓના દસ્તાવેજો બનાવી આપવામાં આવતા હતા**



સુરત

છેલ્લા ચાર દિવસમાં સુરતમાંથી પહેલા નકલી ડોક્ટર, પછી નકલી પનીર, નકલી ઘી, જુદી જુદી યુનિવર્સિટીની બોગસ માર્કશીટ અને હવે સરકારી આધાર પુરાવા બનાવી આપનાર આખેઆખું જન સુવિધા કેન્દ્ર જ નકલી ઝડપાયું છે. કાપોદ્રા વિસ્તારમાં ભગવતી કન્સલ્ટન્સીના નામે ચાલતું જન સુવિધા કેન્દ્ર પર પુણાના મામલતદાર અને કાપોદ્રા પોલીસે રેડ કરી ઝડપી પાડ્યું હતું. પોલીસે નકલી જન સુવિધા કેન્દ્ર ચલાવનાર એક આરોપીની ધરપકડ પણ કરી છે. કોમ્પ્યુટર, પ્રિન્ટર સહિત નકલી આધાર પુરાવાઓ જપ્ત કર્યા છે.

સુરતના કાપોદ્રા વિસ્તારમાં આવેલા કિરણચોક ખાતે ભગવતી કન્સલ્ટન્સીના નામે જન સુવિધા કેન્દ્ર ચલાવવામાં આવી રહ્યું હતું. નિકુંજ દૂધાત નામની વ્યક્તિ દ્વારા આ જન સુવિધા કેન્દ્ર છેલ્લા ઘણા સમયથી ચલાવવામાં આવી રહ્યું હતું. આ જન સુવિધા કેન્દ્ર પરથી આધારકાર્ડ, પાનકાર્ડ, રેશનકાર્ડ, આવકના દાખલા સહિત સરકારની જુદી જુદી યોજનાઓના દસ્તાવેજો બનાવી આપવામાં આવતા હતા. જોકે નિકુંજ દૂધાત દ્વારા ચલાવવામાં આવતું આ જન સુવિધા કેન્દ્ર આખેઆખું બોગસ હોવાનું સામે આવ્યું છે. તેના દ્વારા બનાવી આપવામાં આવતા સમગ્ર દસ્તાવેજો પણ નકલી જાણવા મળ્યા છે.

# પેપર ખરાબ જવાની બીકે હાથની નસ કાપી આપઘાતનો પ્રયાસ

## નસ કાપતા પૂર્વે વિદ્યાર્થીનીએ દવાની ૨૮ ગોળીઓ પણ ખાધી

સુરત

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૦ની મુખ્ય જાહેર પરીક્ષા પૂર્ણ થઈ છે. આ પરીક્ષા દરમિયાન વેસુમાં રહેતી ધોરણ ૧૦ની એક વિદ્યાર્થિનીના બોર્ડના પેપર સારા ગયા ન હતા. જેથી સતત તણાવમાં રહેતી હતી.

શુક્રવારે આ વિદ્યાર્થિનીએ પેપરો ખરાબ જવાની ચિંતામાં પોતાના



ઘરમાં તેણે ડોલો નામની દવાની એક સાથે ૨૮ જેટલી ગોળીઓ ગળી લીધી હતી. એટલું જ નહી ત્યાર બાદ તેણે પોતાના હાથની નસ કાપી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જો કે, ઘટના અંગે જાણ થતાં વિદ્યાર્થિનીના માતા-પિતા તેણીને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલમાં લઇ આવ્યા હતા. જ્યાં તેણીને સમયસર તબીબી સારવાર અપાતા બચાવી લેવાઇ છે. અને હાલ આ વિદ્યાર્થિની તબિયત સુધારા પર હોવાનું જણાયું છે.

# હવસખોર રિક્ષાચાલકે દાદર પર યુવતી સાથે આચર્યું દુષ્કર્મ

વડોદરા

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલી વસંત કુટીર બિલ્ડિંગના દાદર પર ધોળેદિવસે યુવતી ઉપર રિક્ષાચાલકે દુષ્કર્મ આચરતા ચકચાર મચી ગઈ છે. આ મામલે સયાજીગંજ પોલીસે CCTVની મદદથી આરોપીની ધરપકડ કરી છે. સાયબર ફ્રોડનો ભોગ બનેલી યુવતીને મદદ આપવાના બહાને આરોપી રિક્ષાચાલક વસંત કુટીર બિલ્ડિંગમાં લઇ ગયો હતો. જ્યાં હવસખોર



રિક્ષાચાલકે દાદર પર યુવતી સાથે દુષ્કર્મ આચર્યું હતું અને ફરાર થઈ ગયો હતો.

વડોદરા શહેરની એક ખાનગી ટ્રાવેલ્સ કંપનીમાં એજન્ટ તરીકે કામ કરતી મૂળ રાજસ્થાનની ૩૯ વર્ષીય યુવતી સાથે સાયબર ફ્રોડ થયું હતું. જેથી યુવતીએ ૧૯૩૦ નંબર ઉપર ફોન કરીને પોતાની ફરિયાદ નોંધાવી હતી. આ સંદર્ભે યુવતી ગઈકાલે બેંકમાં સ્ટેટમેન્ટ લેવા માટે નીકળી હતી. જો કે, યુવતી પાસે રિક્ષાના ભાડાના રૂપિયા પણ નહોતા. આ સમયે સયાજીગંજ વિસ્તારમાં આવેલા કડક બજાર પાસે એક રિક્ષાચાલક યુવતીને મળ્યો હતો અને તેને યુવતીને મદદ કરવાનું આશ્વાસન આપ્યું હતું.

# બેંકના ભેજાબાજ આસિસ્ટન્ટ મેનેજરે ગ્રાહકોના રૂપિયા ૭૦ લાખ ચાઉં કર્યા

**પરિવારના ખાતામાં FD કરાવશો તો વધુ વ્યાજ મળશે તેવી લાલચ આપી ગ્રાહક અને બેંક સાથે છેતરપિંડી કરી**

અંકલેશ્વર

અંકલેશ્વરની HDFC બેંકમાં આસિસ્ટન્ટ મેનેજરે ૮ ગ્રાહકોની નકલી FD બનાવી ૭૦ લાખ ચાઉં કરી લીધા હતા. ગ્રાહકો પાસે પરિવારના ખાતામાં FD કરાવશો તો વધુ વ્યાજ મળશે તેવી લાલચ આપી ગ્રાહક અને બેંક સાથે છેતરપિંડી કરી હતી. જો કે એક ગ્રાહકે અન્ય બેંકમાં FD અંગે તપાસ કરવા જતા ભાંડો ફૂટતા બ્રાન્ચ મેનેજર દ્વારા બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આસિસ્ટન્ટ મેનેજરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે .

અંકલેશ્વર પ્રતિન ચોકડી પર આવેલ HDFC બેંકમાં આસિસ્ટન્ટ મેનેજર ધવલ ચૌધરીએ FD કરવા આવતા ગ્રાહકોને લોભામણી લાલચ આપી છેતરી લીધા હોવાની ઘટના સામે આવી છે. પોલીસ સૂત્રીય માહિતી મુજબ ગત ૧૯મી માર્ચના રોજ અંકલેશ્વરના બોરભાઠા ગામ ખાતે આવેલ HDFC બેન્ક માં મહેશ ચૌહાણ નામનો બેંકનો ગ્રાહક પોતાના FD નંબર આપી FD થયેલ છે કે કેમ તે જાણવા માટે પૂછપરછ કરી રહ્યો હતો.

આ દરમિયાન નંબર જોઈ બ્રાન્ચના મેનેજર ચંદ્રસિંહ ગોહિલને શંકા જતા તેઓ મહેશ ચૌહાણને પૂછતાં આ FD તેમણે HDFC બેંક મુખ્ય બ્રાન્ચમાંથી કરાવી હોવાનું સામે આવ્યું હતું. જે અંગે તેમને મુખ્ય શાખાના બ્રાન્ચ મેનેજર બિક્રમજીત સાહુ તેમજ બ્રાન્ચ ઓપરેશન હેડ અભિષેક સેવક અને બેંક ક્લસ્ટર હેડ અબુર લુલેને જાણ કરતા તેઓ દ્વારા તપાસ કરતા આ FD ૧૯મી માર્ચના રોજ આસિસ્ટન્ટ મેનેજર ધવલ ચૌધરીએ મહેશ ચૌહાણના નામે બનાવી હતી.

આ અંગે બ્રાન્ચ ઓપરેશન હેડ અભિષેક સેવકે બીજા દિવસે ધવલ ચૌધરીની પૂછપરછ કરતા આખો ભાંડો ફૂટ્યો હતો અને તેણ FD માટે આવતા કસ્ટમરોને પોતાના પરિવારના નામે FD કરવા જણાવી વધુ વ્યાજની લાલચ આપતો હતો. બેંક આવતા ૮ ગ્રાહક પાસેથી ૭૦ લાખ ૧૪ હજાર રૂપિયા લઈ તેમને નકલી FD બનાવી આપી હતી.

# સીંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં ૧૦૦ રૂપિયાનો વધારો

અમદાવાદ,

અમદાવાદમાં ફરીથી સીંગતેલ અને કપાસિયા તેલના ભાવે માઝા મૂકી છે. બંને તેલના ભાવમાં ડબ્બે ૧૦૦ રૂપિયાનો વધારો થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. જો કે સીંગતેલનો ભાવ તો એક સમયે ડબ્બે ૩૨૦૦ રૂપિયાને આંબી ગયો હતો અને તેના પછી ઘટ્યો હતો.

હાલમાં સીંગતેલના ડબ્બાનો ભાવ ૨૮૪૦ને પાર ગયો છે. જ્યારે કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૧,૭૪૦ પર પહોંચ્યો છે. આમ સીંગતેલના ભાવે ફરીથી પાછી ડબ્બે ત્રણ હજાર તરફ તો કપાસિયા તેલના ડબ્બાના ભાવે ડબ્બે ૧,૭૪૦ તરફ દોટ લગાવી છે. જો કે સીંગતેલના ભાવવધારાથી લોકોને આશ્ચર્ય એ વાતનું થયું છે કે ચૂંટણી આવે ત્યારે બધાના ભાવ ઘટતા હોય છે તો સીંગતેલના ભાવ કઈ રીતે ઘટ્યા. પેટ્રોલ જેવા પેટ્રોલ અને ડીઝલ જેવા ડીઝલના ભાવમાં ઘટાડો થયો છે ત્યારે આ વખતે આ ભાવવધારાએ આશ્ચર્ય સર્જ્યુ છે. તેમને લાગી રહ્યુ છે કે સત્તાવાળાઓને સત્તાને મદ ચઢી ગયો છે. તેમને ચૂંટણીમાં તેમનો વિજય નિશ્ચિત લાગી રહ્યો છે. લોકોને લાગી રહ્યુ છે કે આ તો એક હાથ લે અને બીજા હાથે દે જેવી સ્થિતિ છે.

# સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીને પાર પહોંચશે

કચ્છ

રાજ્યના હવામાન વિભાગ દ્વારા માર્ચ મહિનાના અંતમાં હીટવેવની આગાહી કરવામાં આવી હતી જેને પગલે છેલ્લા ચારથી પાંચ દિવસથી સૌરાષ્ટ્ર-કચ્છના કંડલા અને પોરબંદરમાં હીટવેવની અસર જોવા મળી રહી હતી. ત્યારે હવામાન વિભાગે વધુ પાંચ દિવસ દરમિયાન પણ સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લામાં હીટવેવની આગાહી કરી છે. હવામાન વિભાગના



## ૫ દિવસ સૌરાષ્ટ્ર-કચ્છમાં યલો એલર્ટ

જણાવ્યા અનુસાર, સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક જિલ્લાઓમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર પહોંચશે, તેને કારણે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. મહત્તમ તાપમાનમાં સામાન્ય તાપમાન કરતાં ૬થી ૭ ડિગ્રીનો વધારો થતાં લોકોને સેકાવાનો વારો આવશે.

હવામાન વિભાગની આગાહી મુજબ, તારીખ ૨૨ માર્ચથી ૨૬ માર્ચ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છના પોરબંદર, ગીર સોમનાથ, રાજકોટ, અમરેલી, જૂનાગઢ અને કચ્છમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. જેમાં આગામી ત્રણ દિવસ દરમિયાન ૬ જિલ્લામાં હીટવેવની આગાહી છે. જ્યારે ચોથા અને પાંચમાં દિવસે દિવમાં પણ હીટવેવની અસર રહેશે.

# વડોદરામાં ૫૮ વર્ષના વડીલે ગળે ફાંસો ખાઈ કર્યો આપઘાત

વડોદરા,

વડોદરામાં ૫૮ વર્ષના વડીલે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ છે. વડોદરાના દિવ્યકૃપા સોસાયટીના વડીલે જીવન ટૂંકાવ્યું છે. મુકેશ રાજપૂત નામના વડીલે બાલ્કનીમાં ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ આત્મહત્યા પાછળનું કારણ હજી અકબંધ છે.

કપુરાઈ પોલીસે આત્મહત્યાનો કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. આ અંગે હજી સુધી સ્યુસાઈડ નોટ મળી છે કે નહીં તે અંગે પોલીસે કશું જણાવ્યું નથી પણ આ કેસને આત્મહત્યાના કેસ તરીકે નોંધીને તપાસ શરૂ કરી હોવાનું જણાવ્યું છે. તેની સાથે જણાવ્યું છે કે આ કેસમાં મૃતકના સગાસંબંધીઓ અને મિત્રવર્તુળોની પૂછપરછ કરવામાં આવી રહી છે. મૃતકના મૃતદેહને પોલીસે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

સામાન્ય રીતે યુવાનો, યુવતીઓ અને પરીણિત મહિલાઓ આત્મહત્યા કરતી હોય છે. પણ વડીલ ભાગ્યે જ આત્મહત્યા કરતા હોય છે. સામાન્ય રીતે વડીલ દ્વારા આત્મહત્યા કરવામા આવે તે કિસ્સામાં મોટાભાગે તે કોઈને કોઈ બીમારીથી પીડિત હોવાનું જ બહાર આવ્યુ છે.

# ૧૦ વર્ષમાં ૨૦થી વધુ ગુના આચરનાર બિશ્નોઈ ગેંગનો સાગરિત ઝડપાયો

## બોલેરોની ચોરી કરી બાદ તે બોલેરોનો દારૂની ખેપ મારવા માટે ઉપયોગમાં લેતો

સુરત

સુરત સહિત રાજયના અલગ અલગ શહેરમાંથી બોલેરો ચોરી કરી છેલ્લા ૧૦ વર્ષમાં ૨૦થી વધુ ગુનામાં ભાગતા ફરતા બિશ્નોઈ ગેંગનો સાગરિત ઝડપાયો છે. તેલંગાણા ખાતેથી સુરત ક્રાઈમ બ્રાન્ચે રમેશ બિશ્નોયની ધરપકડ કરી છે. રમેશ બીશ્નોઈઈ ગુજરાતના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં વોન્ટેડ હતો.

સુરત ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે તેલંગાણાના ખમ્મમથી રમેશ બીશ્નોઈને ઝડપી પાડ્યો છે. આરોપી રામેશ્વરમ સ્ટીલ નામની દુકાન ચલાવતો હતો. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું હતું કે, તેને પોતાની ગેંગ સાથે મળીને રાજયના અલગ અલગ વિસ્તારમાંથી બોલેરોની ચોરી કરી હતી. ત્યારબાદ તે આ બોલેરોનો દારૂની ખેપ મારવા માટે ઉપયોગમાં લેતો હતો.

આરોપીએ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ પર જીવલેણ હુમલો પણ કર્યો હતો. આરોપી સામે સુરતના અલગ અલગ ૧૨, અમદાવાદના ૫ અને ગાંધીનગરના ૩ પોલીસ સ્ટેશનમાં ગુનાઓ નોંધાયા છે. એડિશનલ સીપી શરદ સિંઘલએ કહ્યું કે, ઓપરેશન ફરાર અંતર્ગત પોલીસ કાર્યવાહી કરી છે.

# હોળી ધુળેટીના પર્વને લઈ યાત્રાધામ શામળાજી મંદિરના દર્શનમાં ફેરફાર

હિંમતનગર,

હોળી ધુળેટીના પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે હોળી ધુળેટીના પર્વને ધ્યાનમાં લઈને યાત્રાધામ શામળાજી મંદિરના દર્શનના સમયમાં વધારો કરવાનો મંદિર ટ્રસ્ટ દ્વારા મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. મળતા અહેવાલ પ્રમાણે ફાગણ સુદ પૂનમે મંદિરના કપાટ સવારે ૬ વાગ્યે ખુલશે. સવારે ૬.૪૫ વાગે મંગળા આરતી અને ૮.૩૦એ શૃંગાર આરતી કરાશે. સવારે ૬.૪૫ વાગે કરાશે મંગળા આરતી અને ૮.૩૦એ શૃંગાર આરતી કરાશે

મંગળા આરતી અને શૃંગાર આરતી થયા પછી સવારે ૧૧.૩૦ વાગ્યે શામળાજીમાં ભગવાન કાળિયા ઠાકોરને રાજભોગ ધરાવાશે. રાજભોગ ધરાવ્યા બાદ સવારે ૧૧.૩૦ થી બપોરના ૧૨.૧૫ વાગ્યા સુધી મંદિરના કપાટ બંધ રહેશે. તો બીજી તરફ સાંજે ૬.૩૦એ સંધ્યા આરતી કરાશે.

# હોટલ રેટિંગનો ટાસ્ક આપી ૬ લાખની ઠગાઈ કરનાર ૪ ઝબ્બે

## વધુ ટાસ્ક આપવાની લાલચ આપી પૈસા પડાવી લેતા હતા

સુરત

સુરતમાં દિવસે ને દિવસે ઓનલાઈન ફ્રોડના કિસ્સા વધી રહ્યાં છે. ત્યારે હોટલ રેટીંગના નામે ઓનલાઇન ટાસ્ક આપનાર ગેંગ ઝડપાઇ છે. સુરત સાયબર ક્રાઈમ ૪ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ શરૂઆતમાં ફરિયાદીના એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરતા હતાં. બાદમાં વધુ ટાસ્ક આપવાની લાલચ આપી પૈસા પડાવી લેતા હતા. અંદાજીત ૬ લાખની ઠગાઈ આચરવામાં આવી હતી.

એડિશનલ પોલીસ કમિશનર ક્રાઈમ શરદ સિંઘલએ કહ્યું કે, આરોપીઓ લલચાવી ફોસલાવતા હતાં. જોબવર્કમાં સારું કમિશન આપવામાં આવતું હતું. ૯ ટેલિગ્રામ આઈડીથી મેસેજ મોકલતા હતાં. મુખ્ય આરોપી નરશી જીવાણી અગાઉ પણ પકડાઈ ચૂક્યાં છે. ત્રણ આરોપીઓ એકાઉન્ટની હેરાફેરી કરતી હતી. સાયબર સેલે ઝડપી પાડીને વધુ તપાસ હાથ ધરી છે.

એક એકાઉન્ટમાં બે કરોડથી વધુના ટ્રાન્જેક્શન થયા છે. ૯ જેટલી આઈડી મળી આવી છે જે તપાસનો વિષય ચાલી રહી છે. વધુ ગુના પકડાય તેવી શક્યતા સેવવામાં આવી રહી છે. પકડાયેલા આરોપીઓમાં સંજયકુમાર જશભાઈ દુદાભાઈ પટેલ, પિયુષ રમેશભાઈ છનાભાઈ પરમાર, ભરતભાઈ છેલાભાઈ મેપાભાઈ ભરવાડ અને અમિત નરશીભાઈ જીવાણીની કાયદેસરની અટક કરવામાં આવી છે.

# સંપત્તિના વિવાદમાં દીકરાએ ક્રૂરતાપૂર્વક માતાની કરી હત્યા

વડોદરા,

જર, જમીન ને જોરુ ત્રણેય કજિયાના છોરું...આ કહેવત તમે સાંભળી હશે. જમીન-મિલકતની ભૂખ લોકોમાં એટલી વધી જાય છે કે, તેઓ આ માટે કોઈનું લોહી વહેડાવતા પણ ખચકાતા નથી. પ્રોપર્ટીના વિવાદમાં દીકરાએ ક્રૂરતાપૂર્વક પોતાની ૭૦ વર્ષની માતાની હત્યા કરી નાખી છે. કથિત રીતે દીકરાએ બોલાચાલી દરમિયાન માતા પર હાથ ઉગામ્યો હતો. તેણે માતાને પાઈપ વડે ફટકારી હતી. પ્રોપર્ટીની માલિકી ટ્રાન્સફર કરવા મુદે માતા અને પુત્ર વચ્ચે બબાલ થઈ હતી.

હિમાંશુ અરોરાએ તેનાં માતા કમલારાનીની હત્યા શુક્રવારે મોડી રાત્રે અથવા શનિવારે કરી હોવાની આશંકા છે. હિમાંશુ ઈલેક્ટ્રિકલ અપ્લાયન્સની દુકાન ચલાવે છે, જે તેના ઘરની નજીક જ આવેલી છે. હિમાંશુની બેઅદબી જુઓ કે તેણે માતાની હત્યા કર્યા પછી રવિવારે તેના મૃતદેહની તસવીરો પોતાના સગા-સંબંધીઓની મોકલી હતી. જે બાદ તેમણે પોલીસને હત્યાની જાણ કરી હતી. માતાની હત્યા કર્યા પછી હિમાંશુ નાસી ના ગયો. તે ઘરમાં જ મૃતદેહ સાથે રહ્યો હતો.

"હિમાંશુ આર્થિક ભીડમાં હતો જેથી તેણે પોતાની માતાને કહ્યું હતું કે, દુકાનની માલિકી તેના નામે ટ્રાન્સફર કરી દે. પરંતુ તેની માતાએ ના પાડી હતી. આ જ કારણે માતા-પુત્ર વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. અમને જાણવા મળ્યું છે કે, પ્રોપર્ટી માટે તે પોતાની મમ્મીને ત્રાસ આપતો હતો.

# અમદાવાદ-લંડન રૂટ પર A350 ફ્લાઈટ શરૂ થશે

## ૩૧૬ મુસાફરની ક્ષમતા, થ્રિ-કલાસ કેબિન, બિઝનેસ ક્લાસ સ્યુટ : ઈકોનોમી સીટ સાથે વધારાનાં લેગરૂમની સુવિધા

અમદાવાદ

તાતા જૂથની માલિકીની ઍર ઈન્ડિયાની પ્રથમ નવું A350-900 સીરીઝની એરબસ ગત ૨૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ફ્રાન્સના તુલોઝથી સંપૂર્ણ સુવિધા સાથે ઉડાન ભરીને દિલ્હી ઍરપોર્ટ પર ઊતર્યું હતું. આ વિમાન હવે ગત ૨૨ જાન્યુઆરીના રોજ કોમર્શિયલ સર્વિસમાં પ્રવેશ કરી ચૂક્યું છે. ભારતમાં ત્રણ ઍરક્રાફ્ટની ડિલિવરી પણ શરૂ થઇ ગઇ છે. હવે દર મહિને એક-બે વિમાનો આવશે. દરમિયાન અમદાવાદથી લંડન જનારા મુસાફરો માટે પણ સુખદ સમાચાર છે કે ઍર ઈન્ડિયા લંડનના ગેટવીક રૂટ પરથી A350-૯૦૦ સીરિઝનું ઍરક્રાફ્ટ ઓપરેટ કરશે. હાલ ઍર ઈન્ડિયા આ રૂટ પર ૨૫૬ મુસાફરોની ક્ષમતા ધરાવતું ૭૮૭ ડ્રીમ લાઈનર ઓપરેટ કરે છે. આ વિમાનમાં ફક્ત ૧૮ બિઝનેસ ક્લાસ સાથે ૨૩૮ ઈકોનોમી ક્લાસ સીટ છે. જોકે તેમાં મુસાફરો માટે લક્ઝુરિયસ સીટની પણ સુવિધા નથી.

"THE INCREDIBLE PEOPLE SEASON 7"માં

# અક્ષય ખત્રી ગુજરાત તરફથી ભારતનું પ્રતિનિધિત્વ કરનાર સર્વપ્રથમ વ્યક્તિ

મોસ્કો,

ખુબ જૂજ લોકોને પોતાના કૌશલ્ય કહેતા ટેલેન્ટને રજુ કરવા માટેનું એક મંચ મળી શકે છે અને એમાં પણ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાના મંચ સુધી તો ખુબ જ ઓછા લોકો પહોંચી શકે છે. ગુજરાતનો એક યુવાન, ગણિતજગતમાં વૈશ્વિક કક્ષાએ ભારતનું પ્રતિનિધિત્વ કરવામાં સફળ રહ્યો. રશિયાના એક ટેલિવિઝન શૉ "THE INCREDIBLE PEOPLE SEASON 7" su RUSSIA ૧ ચેનલ ઉપર હોસ્ટ કરવા આવે છે તેમના દ્વારા ગુજરાતના મી. કેલ્ક્યુલેટર તરીકે જાણીતા અક્ષય ખત્રીને આમંત્રણ આપવામાં આવ્યું. સમગ્ર વિશ્વના ઘણા બધા દેશોમાંથી અલગ અલગ ક્ષેત્રના તજજ્ઞોને પોતાની કળાનું પ્રદર્શન કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમાં અક્ષય ખત્રી ગુજરાત તરફથી ભારતનું પ્રતિનિધિત્વ કરનાર સર્વપ્રથમ વ્યક્તિ હતા. પોતાના પ્રદર્શનમાં અક્ષય ખત્રીએ કેલ્ક્યુલેટરની ક્ષમતાની બહારની ગણતરી કરીને તમામ નિર્ણાયકોને, પ્રવક્તા તથા તમામ દર્શકોને અચંબિત કરી દીધા હતા. કેલ્ક્યુલેટર સામાન્ય રીતે પ્રશ્નો ઉપરથી જવાબ બતાવવાની ગણતરી કરી શકે છે, પરંતુ અક્ષય ખત્રીએ પોતાના પ્રદર્શનમાં ઉત્તર ઉપરથી પ્રશ્ન કહીને સહુને મંત્રમુગ્ધ કરી દીધા હતા. એટલું જ નહિ પરંતુ, રિવર્સ મલ્ટિપ્લિકેશન ની સાથે સાથે ૧૦૦૦ કરોડ કરતા વધુ ઘડિયા, અને રિવર્સ પરસેન્ટેજનું પણ સફળતા પૂર્વક પ્રદર્શન કર્યું હતું.

# ઈ સીગારેટ તથા તેના ફલેવરના જથ્થા સાથે ૧ ઈસમ ઝડપાયો

## ગંગાજળિયા પોલીસ મથકની સામે એસઓજીએ દરોડો પાડી સવા બે લાખનો મુદામાલ જપ્ત કર્યો



ભાવનગર, તા.૨૩

ભાવનગર શહેરના ગંગાજળિયા પોલીસ મથક સામે આવેલા કોમ્પલેક્ષમાથી સ્પેશિયલ ઓપરેશન ગૃપે પુર્વ બાતમીના આધારે દરોડો પાડી રૂ.૨.૨૫ લાખની કિંમતના પ્રતિબંધિત ઈ સિગારેટ સહિતના જથ્થા સાથે એક ઈસમને ઝડપી લીધો હતો. આ બનાવમા ગંગાજળિયા પોલીસ ઉગતી ઝડપાયાનો ઘાટ સર્જાયો હતો.

ભાવનગર એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેકટર એ.આર. વાળાને મળેલી ખાનગી બાતમીના આધારે નવાપરા ગંગાજળીયા પો.સ્ટે સામે યાસીન બાગ કોમ્પ્લેક્ષમાં મેક આર્ટ નામની પાનની દુકાન ધરાવતા રિયાજભાઈ ઉસ્માનભાઈ મહીડાને અલગ અલગ કંપનીની પ્રતિબંધિત ઈ-સિગરેટ (વેપ) નંગ-૮૪ નિકોટીન યુકત તથા અલગ અલગ ફ્લેવર્સના બોક્સ નંગ-૧૭ તથા છુટા નંગ-૧૮ મળી બોટલ નંગ-૧૭૧ બોટલ મળી કુલ કિં.રૂ.૧,૭૫,૫૦૦/- ની તથા મોબાઈલ ફોન નંગ-૧ મળી કુલ મુદ્દામાલ કી.રૂ ૨,૨૫,૫૦૦/- મળી આવતા તેની સામે ધ પ્રોહિબીશન ઓફ ઈલેક્ટ્રોનિક સિગારેટ (પ્રોટેક્શન, મેન્યુફેક્ચરિંગ, ઈમ્પોર્ટ- એક્સપોર્ટ, ટ્રાન્સપોર્ટ, સેલ, સ્ટોરેજ, ડીસ્ટ્રીબ્યુશન, એન્ડ એડવર્ટાઈઝમેન્ટ એક્ટ ૨૦૧૯ની કલમ ૭, ૮ તથા આઈ.ટી.એકટ ૬૬ સી મુજબની એકટની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરેલ અને આ અંગે ભાવનગર એસ.ઓ.જી.ના હેડ કોન્સ જયવિરસિંહ વિક્રમસિંહ ચુડાસમાએ ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવેલ છે.આ કામગીરીમાં એસઓજીના પોલીસ ઈન્સ. એ.આર.વાળા, પો.સબ ઈન્સ. સી.એચ. મકવાણા, સ્ટાફના વી.જે. ચૌહાણ, જી.એ.કોઠારીયા, જયવિરસિંહ ચુડાસમા, રાઘવેન્દ્રસિંહ વિક્રમસિંહ ગોહિલ, ધર્મદીપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા, મુકેશભાઈ સજાભાઈ પરમાર તથા ડ્રા હરેશભાઈ મકવાણા જોડાયા હતા.

# શ્રેષ્ઠ ઈમર્જિંગ વાઈલ્ડલાઈફ ડેસ્ટીનેશન એવોર્ડ મેળવતુ કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન

## રાષ્ટ્રીય ઉદ્યાનમાં ૫ હજારથી વધુ કાળીયારનો વસવાટ, ટુરિસ્ટો વધશે

ભાવનગર, તા.૨૩

ભાવનગરથી માત્ર ૪૦ કી.મીના અંતરે આવેલા કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાનને શ્રેષ્ઠ ઈમર્જિંગ વાઈલ્ડલાઈફ ડેસ્ટીનેશન એવોર્ડ મળ્યો છે. આ એવોર્ડના કારણે રાષ્ટ્રીય ઉદ્યાનની ખ્યાતી દેશ વિદેશમાં ફેલાશે અને તેના કારણે ટુરિસ્ટની સંખ્યા વધશે તેમ માનવામાં આવી રહ્યું છે.

દેશના જાણીતા મિડીયા હાઉસ દ્વારા વિવિધ કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવે છે. પ્રવાસન બોર્ડ દ્વારા ૧૨૧ ભારતીય સ્થળોમાં વારંવાર આવતા પ્રવાસીઓ અને પ્રવાસીઓના પ્રતિભાવના આધારે પ્રવાસન સ્થળોનું મુલ્યાંકન કરવામાં આવ્યું હતું. ઉત્તરદાતાઓએ છ નિર્ણાયક પરિણામોમાં પ્રવાસન સ્થળોને મુલ્યાંકિત કર્યા હતા. જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પરિવહન, રહેઠાણ અને અન્ય આવશ્યક સુવીધાની ગુણવત્તાઓનું મુલ્યાંકન કરાયું હતું.

ગુજરાત ટુરીઝમના અધિકારીએ જણાવ્યું હતું કે, વેળાવદર બ્લેકબક નેશનલ પાર્કને એવોર્ડ મળવાના કારણે વાઈલ્ડ લાઈફમાં રસ ધરાવતા લોકો વેળાવદમાં વધુ આવશે. ખાસ કરીને વિદેશી પ્રવાસીઓની સંખ્યા પણ આ એવોર્ડના કારણે વધશે.વાઈલ્ડ લાઈફ પ્રેમીઓ હંમેશા નવા નવા સ્થળોની શોધમાં હોય છે ત્યારે આ એવોર્ડના કારણે ટુરીઝમનો વિકાસ થશે તેમ કહી શકાય. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના ચાર સ્થળોને એવોર્ડ મળ્યાં છે જેમાં બ્લેકબક નેશનલ પાર્ક ઉપરાંત કચ્છનું સફેદ રણ, રાણીની વાવ, સાસણ ગીરને શ્રેષ્ઠ વાઈલ્ડ લાઈફ ડેસ્ટીનેશનનો એવોર્ડ મળ્યો છે.

# કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળામાં સત્કાર સમારંભ યોજાયો

ભાવનગર, તા.૨૩

અંધ ઉધોગ શાળામાં વર્ષ ૧૯૯૦થી માધ્યમિક વિભાગમાં મદદનીશ શિક્ષિકા તરીકે વિજ્ઞાન અને ગણિત જેવા અઘરા વિષયો શીખવતા નીતાબેન એચ. રૈયા પોતાની વયમર્યાદાનાં કારણે નિવૃત થતા સંસ્થાનાં માનદમંત્રી મહેશભાઈ પાઠકનાં અધ્યક્ષ સ્થાને એક વિશિષ્ટ સમારંભ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત સંસ્થાની વિદ્યાર્થીની સરલા ડાભી અને કલાવૃંદ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત આચાર્ય આઈ.જી.ગોહિલે કર્યું હતું. મુખ્ય મહેમાન તરીકે પધારેલા સ્વામિનારાયણ ગુરુકુળ ચિત્રાનાં આચાર્ય બટુકભાઈ પટેલે જણાવ્યું હતું કે પોતાની જિંદગીના મૂલ્યવાન ૬૦% વર્ષ નીતાબેને બાળકોની કેળવણી અને શિક્ષણ પાછળ ખર્ચ્યા છે ત્યારે તેમના દીર્ઘ આયુષ્ય અને તંદુરસ્તી માટે શુભેચ્છા પાઠવી હતી.આ પ્રસંગે પૂર્વ કર્મચારી ભાવનાબેન મજીઠીયા, મીનાક્ષીબેન ભટ્ટ, ઘનશ્યામભાઈ બારૈયાએ નીતાબેનનું વિશેષ અભિવાદન કર્યું હતું. જયારે શાળાના સહમંત્રી હર્ષકાન્તભાઈ રાખશીયા, માનદમંત્રી મહેશભાઈ પાઠક, ટ્રસ્ટી હેમંતભાઈ ગાંધીએ શાલ અને અભિવાદનપત્ર દ્વારા સંસ્થાવતી સન્માન કર્યું હતું. પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા કર્મવીરોએ વિશિષ્ટ



મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કર્યા હતા. અધ્યક્ષ સ્થાનેથી મહેશભાઈ પાઠકે નીતાબેનની સેવાને બિરદાવતા જણાવ્યું હતું કે આ માટે રાજેશભાઈ વડેરાએ નીતાબેનને દરેક સેવામાં ટેકો કરી સંસ્થાની પ્રવૃતિઓને વેગ આપવા હુંફ આપી છે. પ્રજ્ઞાચક્ષુ બાળકોના શિક્ષણક્ષેત્રે કરેલી સેવાને તેમણે વિશિષ્ટ શબ્દગુચ્છ અર્પણ કરી બિરદાવી હતી. આ પ્રસંગે પ્રાથમિક વિભાગની વિદ્યાર્થીની શ્રુતિ ગોહિલ અને મદદનીશ શિક્ષક પુનાભાઈ દેવધા તેમજ માધ્યમિક વિભાગનાં વિદ્યાર્થી અયાન બિલખીયા અને મદદનીશ શિક્ષક હસમુખભાઈ ધોરડાએ પોતાના સંસ્મરણો વાગોળ્યા હતા. આ પ્રસંગે અનંતભાઈ કે. શાહ, લાભુભાઈ સોનાણી, દિનેશભાઈ ઉપાધ્યાય, પારસભાઈ શાહ શાળાના શિક્ષકભાઈ બહેનો અને અન્ય કર્મવીરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આભારદર્શન ઋષિકેશભાઈ પંડ્યાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.

# સરતાનપર જોળ પ્રા.શાળામાં વિશ્વજળ દિવસની ઉજવણી

ભાવનગર, તા.૨૩

૨૨મી માર્ચ એટલે વિશ્વ જળ દિવસની શરૂઆત ૧૯૯૨માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા બ્રાઝીલના રિયો ડી જાનેરોમાં પર્યાવરણ અને વિકાસના મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવી હતી અને તે દિવસથી ૨૨મી માર્ચ વિશ્વ જળ દિવસ તરીકે ઉજવવામાં નક્કી કરેલ.

એક સમય એવો હતો કે જ્યારે નદીઓ, કુવાઓ, તળાવો દરેક જગ્યાએ જોવા મળતા પરંતુ ઔધોગિક ક્રાંતિ અને વિકાસની આંધળી દોટના જંગલો ધીમે ધીમે નામશેષ થતા જતા હોય પૃથ્વી ઉપરનું પર્યાવરણ સતત બદલાવવાના કારણે વરસાદ પણ ઓછો થવાને કારણે પૃથ્વી ઉપર પાણીના સ્રોતો ઘટવા લાગ્યા છે.ભાવનગર જિલ્લામાં ખાસ પાણીને લગતો પ્રશ્ન પાણીમાં વધતી જતી ખારાશનો છે જમીનમાં ખારાશ વધવાના કારણે ભૂગર્ભ જળ દૂષિત થયુ છે. ફળદ્રુપ જમીનમાં ખારાશનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. ભવિષ્યમાં પાણીનું સંકટ ઊભું ન થાય તે માટે સમાજમાં સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવી જળ સંશાધન વ્યવસ્થા ને મહત્વ આપવું સૂક્ષ્મ ચિંચાઈ પાણીની ગુણવત્તા દરિયાઈ ખારાશ રોકવા ચેકડેમો, તળાવો, બંધારો બંધાવવા , પાણીનો બગાડ થતો અટકાવવો જેવી બાબતો અંગે શાળાના જિલ્લા



શ્રેષ્ઠ શિક્ષક મહેશભાઈ પરમાર દ્વારા બાળકોને સાથે રાખી શાળાની નજીક આવેલ તળાવને પ્રત્યક્ષ નિહાળી બાળકોને પાણીના ઉદભવ સ્થાનો તેમજ પાણીને દરિયામાં જતું કેમ રોકી શકાય તેમજ આ પાણી માનવજીવન અને પ્રાણીઓ માટે પાણી જીવન છે અને પાણી વિનાનું જીવન ટકી શકે નહિ આમ શાળાના બાળકોને જળ એજ જીવન વિશે પાણીના મહત્વને સમજાવવામાં આવ્યું.

# સમગ્ર રાજ્યના બધિર—દિવ્યાંગો માટે વિના મૂલ્યે પ્રાથમિક શિક્ષણ

ભાવનગર, તા.૨૩

રાજ્ય સરકારનાં સમાજ સુરક્ષા ખાતાની માન્યતા પ્રાપ્ત શાહ ખી. લ. બહેરા મૂંગા શાળામાં બધિર બાળકોને વિના મૂલ્યે પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. આગામી જૂન ૨૦૨૪થી શરૂ થનાર શૈક્ષણિક વર્ષમાં ૩ વર્ષથી ૫ વર્ષનાં બધિર બાળકોને પૂર્વ પ્રાથમિકમાં, ૬ વર્ષ પૂર્ણ કરનાર બધિર બાળકોને બાલવાટિકામાં પ્રવેશ આપવાનું કાર્ય શરૂ છે. ધો—૧ થી ધો—૮ માં ઉપલબ્ધતા અનુસાર પ્રવેશ અપાશે.

બહારગામનાં વિદ્યાર્થીઓ માટે જગ્યાની ઉપલબ્ધતા અનુસાર છાત્રાલયમાં પ્રવેશ અપાશે. પ્રવેશ માટે તા.૧૫—૧૬ એપ્રિલ—૨૦૨૪, સોમવાર—મંગળવાર, સમય ૧૨ થી ૫ કલાક દરમ્યાન તમામ ડોકયુમેન્ટ લઈ બાળક સાથે શ્રી ખી.લ. બહેરા મૂંગા શાળા, ૫૧, વિદ્યાનગર, ભાવનગર ખાતે આવવું.

# ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા કાલે યોજાશે સન્માન સમારોહ

## રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ પ્રાપ્ત કરનાર તથા ખરી કમાઈ સપ્તાહમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર સ્કાઉટ ગાઈડ અને સંસ્થાઓનું કરાશે બહુમાન

ભાવનગર,તા.૨૩

ગુજરાત રાજયમાં સર્વાંગી વિકાસની શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરી રહેલા ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા પ્રતિ વર્ષ ત્રિવિધ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ તારીખ ૨૪ ને રવિવારે સવારે ૯ થી ૧૧ દક્ષિણામૂર્તિ બાલ પમરાટ રંગમંચ ખાતે આ સન્માન સમારોહ યોજાશે.

રાજયકક્ષાએ સર્વોચ્ચ એવા રાજ્ય પુરસ્કારને પ્રાપ્ત કરનાર, રાષ્ટ્રીય સ્તરે ભાવનગરનું નામ રોશન કરનાર તથા સ્વાવલંબનના પાઠ શીખવાડતી ખરી કમાઈ પ્રવૃત્તિમાં પ્રતિભાગી બની શ્રેષ્ઠ દેખાવ કરનાર સ્કાઉટ ગાઈડનું સન્માન, શાળાઓ તથા શ્રેષ્ઠ દેખાવ કરનાર સંસ્થાનું મહારાજા કૃષ્ણકુમારસિંહજી ખરી કમાઈ રનીંગ શીલ્ડ અર્પણ કરવાનો આ કાર્યક્રમ મહેમાનો, અગ્રણીઓ, વાલીઓ, શિક્ષકો તથા જિલ્લા સંઘના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાશે. ઉલ્લેખનીય છે કે, ૧૮થી વધુ શાળા અને ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો આ કાર્યક્રમ હોય છે. કાર્યક્રમને સફળ બનાવવામાં જયેશભાઈ દવે અને અજયભાઈ ભટ્ટના માર્ગદર્શનમાં રોવર્સ રેન્જર જહેમત ઉઠાવી રહ્યા છે.

# આર.ટી.ઓ. સર્કલથી શાસ્ત્રીનગર તરફ જતા રસ્તાનું ડાયવર્ઝન એક માસ લંબાવાયું

ભાવનગર, તા.૨૩

ભાવનગર શહેરમાં ભાવનગર-રાજકોટ હાઈવે પર દેસાઈનગર પેટ્રોલ પંપથી આર.ટી.ઓ. સર્કલ સુધી ઓવરબ્રિજ બનાવવાનું કામ શરૂ છે. હાલ આર.ટી.ઓ. સર્કલથી શાસ્ત્રીનગર તરફ ઓવરબ્રીજનું કામ શરૂ થયેલ હોવાથી નાના-મોટા તમામ વાહનો આર.ટી.ઓ સર્કલથી શાસ્ત્રીનગર સોસાયટીમાંથી પસાર થાય છે. જે રસ્તો સાંકડો હોવાના કારણે ટ્રાફીકની સમસ્યા ઉદભવે છે તેમજ આ રસ્તા પર બે સ્કુલો તથા એક પ્લે હાઉસ હોવાના કારણે અકસ્માત થવાની સંભાવના રહેલી છે.

આથી શાસ્ત્રીનગર સોસાયટી રોડ પર કોઈ અકસ્માત ન થાય તેમજ ટ્રાફિક નિયમન જળવાય રહે તે માટે ભાવનગર શહેરમાં આવેલા આર.ટી.ઓ. સર્કલથી શાસ્ત્રીનગર તરફ જતા રસ્તા/રૂટ પર તા.૨૧/૦૪/૨૦૨૪ સુધી તમામ ભારે વાહનોની અવર જવર માટે સંપુર્ણપણે બંધ કરવા તેમજ ડાયવર્ઝન રૂટ પરથી વાહનો પસાર કરવા જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું છે.

આ રસ્તાઓનાં ડાયવર્ઝન રૂટ તરીકે ગઢેચી વડલાથી કુંભારવાડા તરફ જતા રસ્તે એસ.આર.મોટર્સની સામે આવેલ નાળા પરથી શાસ્ત્રીનગર ઘંટીવાળા ચોકથી વિશ્વકર્મા સર્કલ તરફ જવાનું રહેશે. આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે. જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના કોઈપણ અધિકારીને અધિકાર રહેશે. આ જાહેરનામાની જોગવાઈમાંથી જાહેર સેવા માટેનાં સરકારી વાહનો, ફાયર બ્રીગેડ, એમ્બ્યુલન્સ, કોર્પોરેશનનાં ઈમરજન્સી વાહનો તેમજ ગુજરાત વિદ્યુત બોર્ડનાં ઈમરજન્સી વાહનોને મુક્તિ આપવામાં આવી છે.

# શાંતિલાલ શાહ એન્જિનિયરીગ કોલેજમા 'જર્ની ટૂ સ્ટાર્ટ અપ' અંગે યોજાયો સેમિનાર

## માર્કેટ રિસર્ચ, ટીમ બિલ્ડિંગ અને માર્કેટ સ્ટ્રેટેજીની વિધ્યાર્થીઓને સમજણ અપાઈ

ભાવનગર,તા.૨૩

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી, ઈન્સ્ટિટયૂટ ઈનોવેશન કાઉન્સિલ અને સંસ્થાના પ્રિન્સિપાલ ડો.જી.પી. વડોદરિયાના માર્ગદર્શન હેઠળ તમામ ઈજનેરી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે જર્ની ટૂ સ્ટાર્ટ અપ : પેનટેડ ર્લનિંગ નો સેમિનાર શાંતિલાલ શાહ એન્જિનિયરીગ કોલેજમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં નાની ઉમરમાં સ્ટાર્ટ અપ કરનારા ભાવનગર ખાતેના અબ્બાસભાઈ મેઘાણી કે જેઓ પેનટેડ ર્લનિંગના ફાઉન્ડર અને મૅનેજિંગ ડિરેક્ટર છે. તેમણે પોતે શરૂ કરેલાં સ્ટાર્ટઅપ ઉપર વિદ્યાર્થીઓ સાથે પોતાના અનુભવો રજુ કર્યા હતા.

કોરોનાની મહામારીના સમય દરમિયાન ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ મળી રહે તે હેતુ સાથે તેમણે પેનટેડ ર્લનિંગ શરૂઆત કરી હતી. તેમણે સ્ટાર્ટ અપમાં ફંડિંગ મેળવવા માટે ગ્રાન્ટ, સીડ ફંડિંગ, માઈક્રો વેન્ચર કેપિટલ, અને વી. સી. વિષે માહિતી આપી હતી. આ સાથે તેમણે સ્ટાર્ટ અપ કરવા માટે જરૂરી સ્કિલની વાત કરી હતી. સાથે સાથે માર્કેટ રિસર્ચ, ટીમ બિલ્ડિંગ અને માર્કેટ સ્ટ્રેટેજીની સમજણ આપી હતી. આ કાર્યકર્મને સફળ બનાવવા માટે પ્રો. એન. પી.સોનીએ પ્રયત્ન કરેલ હતા.

# બ્રહ્મ શક્તિ સોશ્યલ ગ્રુપ દ્વારા રવિવારે દાંતનો નિદાન કેમ્પ

સમસ્ત બ્રહમ શક્તિ સોશ્યલ ગ્રુપ ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૨૪ને રવિવાર સવારે ૯.૩૦ થી ૧૨:૩૦ સર્વ જ્ઞાતિ માટે ફ્રી ડેન્ટલ નિદાન કેમ્પનું આયોજન મોઢ ચાતુર્વેદી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિની વાડી હલુરીયા ચોક, ભાવનગરમાં યોજેલ છે જેમાં દાંતના નિષ્ણાંત ડોક્ટર અર્પિત ઓઝા તથા ડોક્ટર મિતલ રાઠોડ નિદાન કરી સેવા આપશે. સમસ્ત બ્રહ્મશક્તિ સોશ્યલ ગ્રુપના સભ્યને આયોજક દ્વારા ફ્રી સમ્પલીગ તથા સ્પેશ્યલ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે જે કોઈને આ કાર્યમાં સાથ કે સેવા આપવી હોય તેઓએ પોતાના નામ સુરેશભાઈ દવે મોબાઈલ નં.૯૭૧૪૬૧૩૮૫૮ ઉપર લખાવી આપશો.

# દાંતને લગતી સમસ્યાઓની જાગૃતતા માટે ફ્રી નિદાન કેમ્પ

ડો. અર્પિત ઓઝા અને ડો. મિત્તલ રાઠોડ પોતાની સેવાઓ આપશે. મોઢ ચાતુર્વેદી રાજગોર સમવાય બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, હલુરિયા ચોક ભાવનગર તારીખ ૨૪ને રવિવારે સવારે ૯-૩૦થી ૧૨-૩૦ કેમ્પ યોજાશે. વધુ માહિતી માટે મિત્તલ રાઠોડ ૬૩૫૪૪૫૪૧૫૩નો સંપર્ક કરવો.

# શિશુવિહારમાં યોજાયેલ નેત્રયજ્ઞ દ્વારા ૮૭ દર્દીઓને સારવાર મળી




ભાવનગર, તા.૨૩

સ્વ.જીવીબાની સ્મૃતિમાં ૪૮૨મો પ્રભુકૃપા નવનીતભાઈ રાઠોડની ઉપસ્થિતિમાં શિશુવિહાર સંસ્થામાં યોજાય ગયો. તેમજ સ્વ. ઝવેરભાઈ દેવજીભાઈ પટેલના સ્મરણાર્થે ૪૮૩મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ ૨૨ માર્ચનાં રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો હતો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૮૭ દર્દીઓની આંખ તપાસ ડૉ શ્રી. હિરવા બહેન પટેલ ની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામ ને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાત મંદ ૨૧ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે તેમજ દર્દીઓના ૧૭ સહાયકોને ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા. દર્દી દેવોભવની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

# ચકલીપ્રેમી દાતા, કાર્યકર્તાઓનું શિવકુંજ આશ્રમ જાળિયામાં સન્માન

ભાવનગર, તા.૨૩

શિવકુંજ આશ્રમ જાળિયામાં ચકલી પ્રેમી દાતા કાર્યકર્તાઓનું અભિવાદન કરાયું છે. ચકલી દિવસ પ્રસંગે શ્રી વિશ્વાનંદ માતાજી દ્વારા આ સન્માન થયું છે.

પર્યાવરણ વિદ્ અને નિવૃત્ત શિક્ષક રમેશભાઈ પટેલનાં સંકલન સાથે દાતાઓનાં સહયોગ સાથે ભાવનગર તથા બોટાદ પંથકમાં ચકલી માળા વિતરણ અભિયાન ચાલી રહ્યું છે. આ દરમિયાન ઉમરાળા તાલુકાનાં જાળિયા શિવકુંજ આશ્રમમાં ચકલી પ્રેમી દાતા કાર્યકર્તાઓનું ચાદર વડે અભિવાદન કરાયું છે.

સ્વર્ગસ્થ જયેશભાઈ મોરડિયાનાં સ્મરણાર્થે આ માળાનાં દાતા ખીમજીભાઈ મોરડિયા તથા મંથનભાઈ મોરડિયા સાથે કાર્યકર્તાઓ રાજુભાઈ અણઘણ તથા રાજુભાઈ મોણપરાનું ચકલી દિવસ પ્રસંગે અભિવાદન સન્માન કરવામાં આવ્યું.

શિવકુંજ આશ્રમ દ્વારા થતી વૃક્ષારોપણ, ચકલી માળા વિતરણ તેમજ અન્ય સામાજિક ધાર્મિક પ્રવૃત્તિઓથી સન્માનિત કાર્યકરો પ્રભાવિત થયાં હતાં.

# સ્વસ્થ દાંત સ્વસ્થ મુસ્કાન અંતર્ગત બહેરા મુગા શાળામાં દાત ચકાસણી કેમ્પ યોજાયો

ભાવનગર, તા.૨૩

કે. જે. મહેતા ટી. બી. હોસ્પિટલ, અમરગઢ સંચાલિત કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ એન્ડ હોસ્પિટલ દ્વારા તા.૨૦ ના "વર્લ્ડ ઓરલ હેલ્થ ડે" નિમિત્તે શાહ ખી. લ. બહેરા મૂંગા શાળામાં દાંત ચકાસણી અંગેનો કેમ્પ યોજાયો હતો. જેમાં કે. જે. મહેતા ટી.બી. ટ્રસ્ટ સંચાલિત કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ અને હોસ્પિટલના પ્રિન્સિપાલ ડૉ. પંકજાકસીબાઈ મેડમ (ઓરલ સર્જરી વિભાગના વડા), સામુહિક આરોગ્ય કેન્દ્રના વડા ડૉ.મનદીપસિંહ ગોહીલ, અધ્યાપક ડૉ.કેવિન પારેખ ખાસ ઉપસ્થીત રહેલ.

કાર્યક્રમની શરૂઆતમાં શાબ્દીક તેમજ બધિર બાળકોએ બનાવેલ હેન્ડીક્રાફટથી સ્વાગત કરાવી અને કાર્યક્રમનો હેતુ તેમજ સંસ્થા વિશેની માહિતી સંસ્થાના ઓ.એસ. સૂર્યકાંતભાઈ ચાવડાએ આપેલ, નિષ્ણાત ડોકટરો દ્વારા દાંતની સાર-સંભાળ અને તેના વિશેની સમજણ વિડીયો કલીપ અને વાર્તાલાપ દ્વારા આપવામાં આવેલ, આ પ્રસંગને અનુરૂપ ડૉ. પંકજાકસીબાઈ મેડમે ઉદબોધન કરેલ. આભાર વિધિ માધ્યમિક શાળાના આચાર્ય શૈલેષભાઈ દવેએ કરેલ.



## તા.૨૦ ના "વર્લ્ડ ઓરલ હેલ્થ ડે" નિમિત્તે અમરગઢ ડેન્ટલ સાયન્સ કોલેજ દ્વારા આયોજન

ઈન્ટરપ્રીટેશન વૃંદાબાએ કરેલ. સમગ્ર વ્યવસ્થા પ્રાથમીક શાળાના આચાર્ય ડૉ. ધવલભાઈ વ્યાસ મદદનીશ શિક્ષક અશોકભાઈ ખાટસુરીયા, પ્રશાંતભાઈ દેવમુરારી અને સમગ્ર શાળા પરિવાર દ્વારા સુપેરે નિયોજીત કરી સંપન્ન કરવામાં આવી. દરેક બાળકોનું ઓરલ હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું, જેમાં સારવારની જરૂરીયાતવાળા બાળકોને જરૂરી સારવાર આપવામાં આવી હતી.

# સરદાર યુવા મંડળ દ્વારા ભરતનગરની સ્કુલમાં ચકલીના માળાનું વિતરણ

વિશ્વ ચકલી દિવસ શહેરના ભરતનગર વિસ્તારના વર્ધમાનનગર ખાતેની સ્કુલમાં વિનામુલ્યે ચકલીના માળાનું વિતરણ સરદાર યુવા મંડળ ભાવનગર દ્વારા કરવામાં આવ્યુ જેમા શાળાના પ્રભાસ જાગૃતબેન ગાંધી, માધવીબેન ભટ્ટ શાળાના આચાર્ય શબનમબેન કોઠારીયા તથા સરદાર યુવા મંડળ ભાવનગરના પ્રમુખ ભરત મોણપરા, મનીષાબેન, હર્ષાબેનના હસ્તે માળાઓનું વિતરણ કરાયુ હતું.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## ભાવનગર - સુરત ટ્વીન સીટી બની શકે

ભાવનગર અને સુરત વચ્ચે ઔદ્યોગિક અને સામાજીક સંબંધ છે અને આ બંને શહેરોને ટ્વીન સિટી તરીકે ઓળખાય છે, પરંતુ ટ્વીન સીટી હજુ બન્યા નથી.આ બંને શહેરો વચ્ચે એકપણ સીધી ટ્રેનની સુવિધા હજુસુધી ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. ભાવનગર જીલ્લામાંથી પ્રતિદિન સરેરાશ ૨૦૦ લક્ઝરી બસ સુરત માટે રવાના થાય છે. આ ઉપરાંત ૫૦૦ મુસાફરો રો-પેક્સ ફેરી સર્વિસમાં પણ મુસાફરી કરે છે. ભાવનગર-સુરત વચ્ચે રાત્રિ ટ્રેન સેવા શરૂ કરવા માટે લાંબા સમયની માંગણી હોવા છતા આજદિન સુધી તેના તરફ ન્યાય કરવામાં આવ્યો નથી. હીરા ઉદ્યોગ ભાવનગર અને સુરત માં ખૂબ જ વિકસિત થઈ રહ્યો છે. અને તેના કારણે આ બંને શહેરો વચ્ચે ઔદ્યોગિક દૈનિક વ્યવહાર રહે છે. ઉપરાંત ભાવનગર-અમરેલી જિલ્લાની મોટી વસતી સુરતમાં વ્યવસાયાર્થે સેટ થયેલી છે. જેઓને સામાજીક પ્રસંગોએ ભાવનગર તથા અમરેલી પંથકમાં વતનમાં આવવા-જવાનું નિયમીત હોય છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખી અને ભાવનગર- સુરત વચ્ચે દૈનિક રાત્રિ ટ્રેન શરૂ કરવામાં આવે તો ટ્વીન સિટીને પરિવહન સરળતા મળી શકે છે. ભાવનગરમાં ન્યુ જહાંગીર મીલ તથા મહાલક્ષ્મી મિલ તથા સિલ્ક મિલ્સ હતી બંને મિલો બંધ છે તેના અનેક કારીગરો આજે પણ રોજગાર વગરના છે તો ભાવનગરમાં પ્લાસ્ટિક વિવિધ નો મોટો ઉપયોગ છે સાચો સાત કાપડની હાથશાળો તથા અન્ય રીતે કાપડ વણવાનું ઉદ્યોગ ભાવનગરમાં ચાલી રહ્યો છે તો ભાવનગરમાં સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગના એન્સીલરી યુનિટો કરવા માં આવે તે જરૂરી છે કારણ કે સુરતમાં જમીનના ભાવ ખૂબ ઊંચા છે અને ભાવનગરમાં જમીન ઉપલબ્ધ છે ખાસ કરીને નારી તથા કુંભારવાડા ની સૂચિત ઔદ્યોગિક વસાહતોમાં પૂરતા પ્રમાણમાં પ્લોટ છે તો તેનો સદુપયોગ થઈ શકે

સુરત માં કાપડ ઉદ્યોગનું સંશોધન કેન્દ્ર જેને મંત્રા તરીકે ઓળખવામાં આવે છે જેનો અર્થ થાય છે "મેડ-મેડ ટેક્સટાઇલ રીચર્સ એસોસીએશન"

સુરતની ની મુલાકાતે આવેલા જર્મની સ્થિત ગ્લોબલ મલ્ટી નેશનલ કંપની સીએચટી ગ્રુપના પદાધિકારીઓએ ટાંક્યું હતું કે, સુરતના મેન-મેડ ટેક્સટાઈલ ઉદ્યોગને ટેક્નીકલ ટેક્સટાઈલનું હબ બને તે દિવસો હવે દૂર નથી. સુરત પાસે તેની ક્ષમતા છે અને તે આગામી દિવસોમાં સાબિત કરશે.

# મહારાજા શ્રીતખ્તસિંહજીએ રાજયની ધુરા સંભાળી

### હિંદુશાસ્ત્ર મુજબતો બાળકની ઉમર તેના જન્મ સમયથી નહીં પરંતુ ગર્ભધારણના સમયથી ગણાય

### ૫ એપ્રિલ ૧૮૭૮ના તખ્તસિંહજીને ભાવનગર રાજયની તમામ સત્તાઓ સોપવામાં આવી

### તા.૧૪-૧-૧૮૭૯ના રોજ તખ્તસિંહજી હોસ્પિટલનો પાયો નાખવામાં આવ્યો

### "રાજકોટ રાજકુમાર વિંગ" એ નામથી તે કોલેજમાં એક મોટું મકાન બંધાવી આપ્યું હતું

તખ્તસિંહજીની સગીરાવસ્થા એપ્રિલ ૧૮૭૯માં પૂરીથતી હતી, પરંતુ શ્રીગૌરીશંકરના મદદનીશ કારભારી શ્રીશામળદાસે સંયુક્ત વહીવટકર્તા મેજર વોટસનને એવી ખાતરી કરાવી આપી હતી કે હિંદુશાસ્ત્ર મુજબતો બાળકની ઉમર તેના જન્મ સમયથી નહીં પરંતુ ગર્ભધારણના સમયથી ગણાય. તે પ્રમાણે ગણતરી કરવામાં આવે તો તખ્તસિંહજીને એપ્રિલ ૧૮૭૮માં ૨૧વર્ષ પૂરાં થયેલા ગણાય. (પ્રણાલીગત ગણતરી પ્રમાણે ૨૦ વર્ષ પૂરા થતાં હતા.) તેથી મેજર વોટ્સને આ અંગેનો અનુકૂળ અહેવાલ મુંબઈ સરકારમાં રજૂ કરતાં તે માન્ય રાખવામાં આવ્યો અને તદનુસાર ૫ એપ્રિલ ૧૮૭૮ના તખ્તસિંહજીને ભાવનગર રાજયની તમામ સત્તાઓ સોપવામાં આવી. આ પ્રસંગે સંપૂર્ણ ભાવનગર શહેરને શણગારવામાં આવ્યું. આ પ્રસંગ ખુશાલી સાથે હોશભેર ઉજવાયો હતો. આ પ્રસંગે કાઠિયાવાડના પોલિટિકલ એજંટ મિ. પીલ, રાજસ્થાનીક કોર્ટના વડા મેજર વોટસન, ગોહિલવાડ પ્રાંતના મદદનીશ પોલિટિકલ એજંટ મિ. પર્સી ફિટ્ઝરાલ્ડ, ભાવનગર સંસ્થાનના તત્કાલિન સંયુક્ત વહીવટીકર્તા કર્નલ ડબલ્યુ સી.પાર તથા રાજયના મુખ્ય પ્રધાન શ્રીગૌરીશંકર ઓઝા, રાજયના ઈજનેરશ્રી પ્રોક્ટર સીમ્સ, સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટમિ. ટી.આર. ફર્નાન્ડિસ, જૂનાગઢનાં દીવાન ગોકુળજી સંપતરામ ઝાલા, ભાવનગર રાજયના અન્ય અમલદારો, રાજકર્તાના સગાસંબંધીઓ, એજન્સીના મુખ્ય અમલદારો, ભાવનગરમાં રહેતા યુરોપિયનો તથા સ્વદેશી સંમાનનીય ગૃહસ્થો વગેરે હાજર રહ્યા હતા. આ સમયે પોલિટિકલ એજંટ મિ. પીલે તખ્તસિંહજીને રાજયવહીવટ ચલાવવા અંગે કેટલાક સૂચનો કર્યા હતા. આ શુભપ્રસંગે તખ્તસિંહજીએ ઉદારદિલથી કેટલાક લોકોપયોગી કાર્યો માટે મોટી રકમોની જાહેરાત કરી હતી. ઉપરાંત સ્વતંત્ર વહીવટ ધારણકર્યા પછી જરૂરી કેટલાક સુધારા સાથે સંયુક્ત વહીવટના સમયની પદ્ધતિ જ ચાલુ રાખી.

ઇ.સ. ૧૮૭૮માં અનાવૃષ્ટિને કારણે 'સૂકો દુષ્કાળ' અને ઇ.સ.૧૮૭૯માં અતિવૃષ્ટિને કારણે 'લીલો દુષ્કાળ' પડ્યો હતો. પરંતુ અગાઉના વર્ષોની સમૃદ્ધિના અને આયોજનના કારણે અનાજ અને ઘાસચારાનો જથ્થો સારા પ્રમાણમાં હતો જેથી ખાસ મુશ્કેલી પડી નહીં. છતાં રાજય તરફથી કેટલાક રાહતકાર્યો શરૂ કરી લોકોને કામ આપવા પ્રયાસ થયા હતા. જેવા કે તા.૧૪-૧-૧૮૭૯ના રોજ તખ્તસિંહજી હોસ્પિટલનો પાયો નાખવામાં આવ્યો. પીપાવાવ બંદરની સુધારણા માટે રૂ. એક લાખ જેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો. રાજયભરમાં ૨૦૫૧ કુવાઓ ખોદવામાં આવ્યા. ગરીબપ્રજાને રોજી-રોટી મળીરહે માટે નાના રાહત કાર્યો શરૂ કરાયા હતા. ભાવનગરથી વઢવાણની રેલ્વે લાઇન દુષ્કાળ રાહત કાર્ય તરીકે શરૂ કરવાની યોજના કરી.

**(તખ્તસિંહજી હોસ્પિટલ)**

શ્રીગૌરીશંકર ઓઝા ઇ.સ.૧૮૭૯માં નિવૃત્તિ થતાં. શ્રીતખ્તસિંહજીએ તા. ૨૩-૧-૧૮૭૯નારોજ મોતિબાગમાં એક દરબારભરી તેમનું દરબારી રીતે ભવ્યસન્માન કરી તેમની રાજય પ્રત્યેની અમૂલ્ય સેવાઓને બિરદાવી હતી.



આ પ્રસંગે શ્રીતખ્તસિંહજીએ તેમની હયાતી સુધી વાર્ષિક રૂ.૨૦,૦૦૦-૦૦ પેન્શન તરીકે આપવાનું જાહેર કર્યું હતું. ઉપરાંત તુરખા ગામ જે મહારાજા જશવંતસિંહજીના સમયે તેમને ભેટમાં અપાયું હતું જેની ઉપજના વાર્ષિક રૂ.૨૦,૦૦૦-૦૦ તેમ કુલ વાર્ષિક રૂપિયા ૪૦,૦૦૦-૦૦નું વર્ષાસન મળવાનું હતું. શ્રીગૌરીશંકર ઓઝા ભાવનગર રાજયની સેવામાં ઇ.સ.૧૮૨૨માં માત્ર ૧૭વર્ષની ઉમરે દાખલ થયેલા અને વિવિધ હોદ્દાઓ ભોગવ્યા હતા અને છેલ્લે ભવનગરના મુખ્યપ્રધાન (દીવાન)પદે હતા. લગભગ એકધારી ૫૭વર્ષની સેવા પછી તા.૧૩-૧-૧૮૭૯ સોમવારને મકરસંક્રાંતિને દિવસે ૭૪વર્ષની ઉમરે ભાવનગર રાજયની સેવામાંથી નિવૃત્તિ લીધી. ઇ.સ. ૧૮૨૨માં માસિક સવા છ રૂપિયા (વાર્ષિક ૭૫-૦૦ રૂપિયા)થી કારભારી સેવકરામ દેસાઈના કારકુન તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. પછી કોળીયાકના વહીવટદાર, સુરતમાં ગોકળ પારેખ પાસે શિરસ્તેદાર, કુંડલાના નાયબ વહીવટદાર, મુંબઈની સદર અદાલતમાં જરૂર પડ્યે વકીલ, રાજકોટ ખાતે મુખ્ય કારભારી, પરમાણંદદાસના મદદનીશ અને અંતે ભાવનગર રાજયના દીવાનના સર્વોચ્ચ હોદ્દે પહોચ્યા હતાં. રાજયની એકધારી ૫૭વર્ષ સુધી સેવા કરી. કારકુન તરીકે

## ભાવનગર 300

**- બળદેવસિંહ ગોહિલ**

નાની સેવાનો આરંભ અને રાજયના સર્વોચ્ચ હોદ્દા પરથી નિવૃત્તિ! તેમના પુત્રો વિજયશંકર તથા પ્રભાશંકરને પણ આ પ્રસંગે તેઓ ભોગવતા હોદ્દા કરતાં ઊંચા હોદ્દા ઉપર તખ્તસિંહજીએ નિમણૂક આપી હતી. શ્રી ગૌરીશંકર ઓઝા નિવૃત્ત થયા ત્યારે વિદેશમાં પ્રસિદ્ધ થતાં 'હોમવર્ક' નામના તા.૩-૨-૧૮૮૭ ના અંકમાં કર્નલ એન્ડર્સને લખેલું કે; "સમર્થ, શાણા, અને સુધરેલા નાગર પ્રધાનોનું કુળ કે જેમાં રા.રા. શ્રીગૌરીશંકર ઉદયશંકર સર્વથી શ્રેષ્ઠ છે, અને જેનો ભારે ઉપકાર તરુણ મહારાજાએ તથા તેમની પ્રજાએ માનવાનો છે, તેના સહાય્યથી ભાવનગર રાજ્ય કાઠિયાવાડ પ્રાંતમાં સુધારા, તથા સુદક્ષ અને સ્વસ્થ કારભારને માટે હાલ અગ્રેસર કહી શકાય એમ છે." ઇ.સ.૧૮૬૮ના વાર્ષિક રિપોર્ટમાં પોલિટિકલ એજંટ કર્નલ અન્ડરસનનોંધે છે કે; "મોટા અને સુધરેલા ભાવનગર સંસ્થાનને પોતાના અતીકુશળ પ્રધાન શ્રીગૌરીશંકર ઉદયશંકરના કારભારથી ઘણા સુધારા સ્થાપન કર્યા છે. અને ઘણા સાર્વજનિક કામોની યોજના કરી છે." સર ફિલિપ વોડહાઉસ ઇ.સ. ૧૮૭૨થી ૧૮૭૭ સુધી મુંબઈના ગવર્નરની પદવી પર હતા. તેમણે ભાવનગર માટે કહ્યું કે; "ભવનગરમાં જોઇન્ટ એડમિનિસ્ટ્રેશન ખાતું નવીન પ્રકારની ગોઠવણથી સ્થાપન કરવામાં આવ્યું છે. તેનો રાજયકારભાર ઘણી સારીરીતે ચાલે છે, એ સાંભળીને મને ઘણીખુશી થાય છે. એટલું જ નહીં પણ મિ.પર્સિવલને દરેક રાજકામમાં તમે ઘણી ઉમદા મદદ આપો છો તે મિ. પર્સિવલને સાંભળીને પણ મને પૂરો સંતોષ થાય છે. બીજા રાજસ્થાનો જે સરકારી દેખરેખ નીચે છે. તેની ઘણી તકરારો મારી પાસે આવે છે, પણ ભાવનગર રાજયની એકપણ તકરાર આવતી નથી એનું કારણ રાજયમાં પુખ્તવિચારણાના અને પ્રામાણિકપણાને અનુસરીને ચાલવવાળા હોવાથી રાજયનું કામ ફતેહમંદીથી ચાલે છે એમ હું માનું છુ."

ઇ.સ.૧૮૨૦ની આજુબાજુ કાઠિયાવાડમાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો પ્રવેશ થઈ ચૂક્યો હતો. તલવારની તાકાતના બદલે કલમ અને મુત્સદ્દીગીરીથી કામ કરવાનો યુગ શરૂ થયો. ભાવનગરના સદભાગ્યે કલમ અને મુત્સદ્દીગીરીના ક્ષેત્રે અસાધારણ કુશળતા ધરાવતા શ્રીગૌરીશંકર ઓઝા જેવી પ્રતિભાનો લાભ મળ્યો હતો. શ્રીગૌરીશંકર ઓઝાએ નિવૃત્તિ પછી ઇ.સ.૧૮૮૫માં વેદશાળાની સ્થાપના કરી. વેદોના અધ્યયન માટે આ વિષયના પારંગત ગુરુઓની નિમણૂક કરી. આ શાળાની સ્થાપના થયાબાદ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી અનેક વિદ્યાર્થીઓ ભાવનગર આવવા લાગયા. પોતે વેદાંત અને ધર્મશાસ્ત્રોનો ઊંડો અભાયાસ કરવામાં સમય ગાળ્યો. ૧૮૮૬માં સન્યસ્ત સ્વીકારી સ્વામી સચિદાનંદ સરસ્વતી નામ ધારણ કર્યું. અને ઇ.સ. ૧૮૯૧માં ૮૬વર્ષની આયુષ્ય ભોગવી અવસાન પામ્યા.

ઇ.સ. ૧૮૬૮માં પોલિટિકલ એજંટ કર્નલ કીટીંજના પ્રયત્નોથી રાજકોટ ખાતે રાજકુમાર કોલેજ શરૂ કરવામાં આવી હતી. તે કોલેજ કિંગ કોલેજ તરીકે ઓળખાઇ હતી. તે કોલેજના પ્રથમ વિદ્યાર્થી શ્રીતખ્તસિંહજી હતાં. તેથી તેમનો જી.આર. નંબર ૧ હતો. તેમણે આ કિંગ કોલેજમાં ઇ.સ.૧૮૭૧થી ૧૮૭૪સુધી ત્રણ વર્ષ અભ્યાસ કર્યો હતો. તેથી આ કોલેજ પ્રત્યેનું ઋણ ચૂકવવાના હેતુથી તેમણે ભાવનગર રાજયની સત્તાના સંપૂર્ણ સૂત્રો ઇ.સ.૧૮૭૮માં પોતાના હાથમાં લીધા તે શુભ પ્રસંગે આ કોલેજ માટે રૂપિયા એક લાખની ભેટ જાહેર કરી. "રાજકોટ રાજકુમાર વિંગ" એ નામથી તે કોલેજમાં એક મોટું મકાન બંધાવી આપ્યું હતું.

## કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** તમારા પર વધારાનું કામનો ભાર તમારા સ્વાસ્થ્યને વિક્ષેપિત કરી શકે છે. આવી સ્થિતિમાં, તમારા વ્યસ્ત જીવનમાંથી થોડો સમય તમારા માટે લો, તમારા શરીરને થોડો આરામ આપો. તમને આ અઠવાડિયે આર્થિક જીવનમાં ભાગ્ય મળશે, પરંતુ જો તમે આ સમય દરમિયાન કોઈ રોકાણ કરવા માંગતા હો, તો પ્રથમ વાસ્તવિકતાઓનું મૂલ્યાંકન કરો અને માત્ર ત્યારે જ રોકાણ કરો. નહીં તો તમારા પૈસા અટવાઈ શકે છે. તેના નવા પ્રોજેક્ટ્સ માટે, તેના માતાપિતાને વિશ્વાસમાં લેવાનો આ યોગ્ય સમય છે. આ માટે, તમારે શરૂઆતમાં તમારા માતાપિતાને તેમની યોજના અને તેના પરના તેમના વિચારો વિશે બધું જણાવવાની જરૂર રહેશે. આ અઠવાડિયે, તમે તમારા પ્રેમીને તમારા મિત્રો અથવા નજીકના મિત્રો સાથે પરિચય કરવાનું નક્કી કરી શકો છો. જો કે, આ વિશે પ્રેમિકાની ઇચ્છા જાણો છો, કે તેને ક્યાંક મળવામાં તે ખચકાતા નથી. કારણ કે જો તે થાય છે, તો તમારે તમારા મિત્રો સામે શરમ અનુભવી શકે છે. આ અઠવાડિયે, સૌથી વધુ, તમને તમારી લાગણીઓને કાબૂમાં રાખવા સૂચના આપવામાં આવી છે. કારણ કે શક્ય છે કે આ અઠવાડિયામાં તમારી પાસે વૈભવી વધારો થશે, જેના કારણે તમે તમારી કારકિર્દી પ્રત્યે થોડો બેદરકાર દેખાશો. જેમ કે વિદ્યાર્થી માટે જરૂરી શિક્ષણ, સારી શરીર માટે ઊંઘ પણ જરૂરી છે.

**વૃષભ - (બ, વ, ઉ) :**મે તમારા કુટુંબ અને ક્ષેત્રમાં યોગ્ય સંતુલન જાળવવામાં અને તે દરમિયાન તમારા સ્વાસ્થ્યને જાળવવામાં સફળ થશો. આ અઠવાડિયે કોઈ નજીકના સંબંધીઓના ઘરે જવું તમારી આર્થિક સ્થિતિને બગાડે છે. કારણ કે શક્ય છે કે તેઓ તમારી પાસેથી કોઈ પ્રકારની આર્થિક સહાયની અપેક્ષા રાખે. અચાનક, આ અઠવાડિયે ઘરે મહેમાનો આવવાની અપેક્ષા છે. જે પારિવારિક વાતાવરણમાં શાંતિ લાવશે. આ સમય દરમ્યાન તમને ઘરે સ્વાદિષ્ટ ખોરાક ખાવાની તક મળશે, સાથે સાંજનો સમય આપનો મોટાભાગનો સમય મહેમાનો સાથે વિતાવશે. આ અઠવાડિયામાં તમારા પ્રેમીને લઈને તમારા મનમાં કોઈ શંકા ઉભી થઈ શકે છે. આને કારણે તમને થોડી નિરાશા થવાની સંભાવના છે. જો કે, થોડા સમય પછી તમે જોશો કે તમારી શંકા બિનજરૂરી હતી, અને આને કારણે તમે તમારા ઘણા દિવસો બગાડ્યા છે. તેથી, શરૂઆતમાં કોઈપણ નિષ્કર્ષ પર પહોંચતા પહેલા, દરેક તથ્યોને યોગ્ય રીતે તપાસો. આ અઠવાડિયે, તમારી ઇચ્છાશક્તિ ઘણા શુભ ગ્રહોના પ્રભાવથી મજબૂત થશે, જેની મદદથી તમે તમારા વ્યવસાયિક જીવનમાં નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકશો. આ સમય દરમિયાન, તમને આવી ઘણી તકો મળશે, જેની સહાયથી કારકિર્દીની દ્રષ્ટિએ તમારી રાશિના રાશિવાળા લોકો માટે આ સમય ખૂબ ખુશ રહેશે.

**મિથુન - (ક, છ, ઘ) :-** સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ અઠવાડિયું ખૂબ સારો કહી શકાય. આ સમય દરમિયાન, આરોગ્ય માટેનું તમારું સમર્પણ ઘણા રોગોથી છૂટકારો મેળવવા માટે અસરકારક રહેશે. આવી સ્થિતિમાં, યોગ અને કસરતને ઓછું ન થવા દો અને શક્ય તેટલા લીલા પાંદડાવાળા શાકભાજીનું સેવન કરો. જો તમે આજ સુધી કોઈ આર્થિક સમસ્યાનો સામનો કરી રહ્યા છો, તો આ અઠવાડિયામાં તેના વિશે વિચાર કરવાને બદલે, તમારે એવું કંઈક કરવાની જરૂર પડશે જે તમારી કમાણીમાં વધારો કરી શકે. આ માટે તમે તમારા મિત્રો, નજીકના મિત્રો અથવા કોઈ વડીલની સલાહ લીધા પછી કોઇ પણ મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો. ઘરે કેટલાક પરિવર્તનને લીધે, આ સપ્તાહે તમારા સંબંધી લોકો સાથે સંઘર્ષ થઈ શકે છે. જે તમારું માન ઘટાડશે, સાથે જ તમારે પરિવારની ઉદાસીનતાનો સામનો કરવો પડી શકે છે. આ અઠવાડિયે, આ રાશિનો વતની મૂળ તેના પ્રેમીને અને પ્રેમિકાને તેના પ્રેમ દર્શાવવા માટે તમામ પ્રયત્નો કરશે. જો તમારા જીવનસાથીને લાગે છે કે તમે તેમને પૂરતો સમય ન આપો તો હવે તમે તેમના માટે સમય કાડી શકો છો. તમારા જીવનસાથીને આ કરવાનું ગમશે અને પ્રેમ મજબૂત હશે. જે લોકો તમારી રાશિની વિદેશી કંપનીમાં પહેલેથી જ કાર્યરત છે, તેઓને આ અઠવાડિયે કોઈ મોટી પદોન્નતી અથવા નફો મળવાની સંભાવના છે, જેના કારણે કાર્યસ્થળ પરના તમારા ઉપરી અધિકારીઓ તમારા કાર્યની પ્રશંસા કરશે અને તમારા સહકાર્યકરો પણ ત્યાં રહેશે તમને પૂરો ટેકો આપતો જોવા મળશે.

**કર્ક - (ડ, હ) :-** આ અઠવાડિયે તંદુરસ્ત જીવનનું મહત્વ સમજી શકશે અને તેને સુધારવા માટે તમામ પ્રયત્નો કરશે. તમારા પ્રયત્નો જોઈને, તમારી આસપાસના લોકો તમારી સાથે રહેશે, તેમજ તેઓ તમારા પ્રોત્સાહનમાં વધારો કરી શકે છે. અઠવાડિયાની શરૂઆતમાં, તમે ઘણા ોતોથી પૈસા કમાવામાં સંપૂર્ણ સફળ થશો. આ સમય દરમિયાન, તમે તમારા સંબંધીઓને જ્યારે પણ જરૂર પડે ત્યારે કોઈપણ પ્રકારની આર્થિક સહાય આપી શકો છો. પરંતુ જે લોકો યોગ્ય સમયે પૈસા પરત ન કરતા હોય તેમને ઉધાર પર પૈસા આપવાનું ટાળો. નહીં તો આ વખતે પણ તમારા પૈસા અટવાઈ શકે છે. તમને આ અઠવાડિયે સમાજમાં સન્માન મળશે, જો કે આ સમયમાં તમારા ભાઈ-બહેનોનું સ્વાસ્થ્ય નબળું રહેશે. જેના પર તમારે તમારા કેટલાક પૈસા ખર્ચ કરવા પડશે. પરંતુ આ સમય દરમિયાન, તમે તમારા પરિવારની બધી જવાબદારીઓનું ધ્યાન રાખશો, તમને ઘરમાં માન આપશે.

**સિંહ - (મ, ટ) :-** તેમને પોતાને માનસિક અને શારીરિક તાણથી દૂર રાખીને તાજા ફળો અને લીલા પાંદડાવાળા શાકભાજીઓનું સેવન કરવા વિશેષ સૂચના આપવામાં આવી છે. આ અઠવાડિયે તમને અચાનક પૈસા મળશે, પરંતુ આ પૈસા તમને

આભાર - નિહારીકા રવિયા ખૂબ ટૂંકા ગાળા માટે મળશે. તેથી, ખાસ કરીને જેઓ કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે, તેઓએ આ સમયે કોઈપણ પ્રકારનું જોખમ લેતા પહેલા એક હજાર વખત વિચાર કરવો પડશે. અન્યથા તમે પૈસા ગુમાવી શકો છો. ઘણા વતનીઓને આ કિંમતી સફાઈ દરમિયાન ઘરની ખોવાયેલી કોઈ કિંમતી વસ્તુ મળી શકે છે. આની પ્રાપ્તિ થતાં જ ઘરનું વાતાવરણ સારું રહેશે, સાથે જ તમને ઘરે સભ્યો સાથે હસવાની તક મળશે. આ સમય દરમિયાન, તમે નાના સભ્યોને શિક્ષણ અને શિક્ષણમાં મદદ કરશો, સાથે તમારા માતાપિતા પણ તમને ગર્વ અનુભવે છે. જે તમને તમારા માનસિક તાણથી મુક્તિ આપશે. જો તમે આ અઠવાડિયાના સકારાત્મક પાસા પર નજર નાખો તો, તમારી રાશિના જાતકોના કેટલાક પ્રેમીઓ લગ્નના પવિત્ર બંધનમાં લગ્ન કરવા માટે મોટો નિર્ણય લઈ શકે છે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** તમે ઘરના બાળકો ઉપર બિનજરૂરી રીતે ગુસ્સો કરતા જોશો. આવી સ્થિતિમાં, તમારા સ્વભાવમાં સકારાત્મકતા લાવો, નહીં તો બાળકો સાથેના તમારા સંબંધોને અસર થઈ શકે છે. જો તમે સરકારી ક્ષેત્રે કામ કરી રહ્યા છો, તો પછી આ અઠવાડિયા તમારા માટે મહત્વપૂર્ણ અને સારા બનશે. કારણ કે આ સમયગાળા દરમિયાન તમને સરકાર તરફથી ફાયદા અને ઇનામ મળવાની સંભાવના રહેશે, જે તમને સારા સ્તરે નફો આપશે. જો તમે આ અઠવાડિયે ઘરના લોકો પર તમારા નિર્ણયો લાદવાનો પ્રયત્ન કરો છો, તો તમે તેમ કરીને તમારા હિતોને નુકસાન કરશો. તેથી, દરેક પરિસ્થિતિમાં ધૈર્યથી કામ કરતી વખતે, કોઈ સમાધાન શોધવાનો પ્રયાસ કરો. ભૂતકાળમાં બનેલા પ્રિયજનો સાથે ટ્રીપ પર જવા માટેની યોજના, અચાનક રદ થવાના કારણે દુ જઙ્ઘુખી થઈ શકે છે. કારણ કે શક્ય છે કે પ્રેમી અચાનક ક્ષેત્ર સાથે સંબંધિત કોઈ મહત્વપૂર્ણ કાર્ય માટે આવે, જેના કારણે તે આસપાસ જવાની ના પાડે છે.

**તુલા - (ર, ત) :-** આ સમય દરમિયાન તમે તમારી જાતને તમારી ખરાબ ટેવને બદલવા માટે યોગ્ય પ્રયત્નો કરતા જોશો. જેના માટે તમે સ્વસ્થ રહેવા માટે નિયમિત કસરત કરતા જોશો. આ અઠવાડિયાના બીજા ભાગમાં તમને થોડો મોટો આર્થિક લાભ થશે. જેના કારણે તમે નવું મકાન કે વાહન ખરીદવાની યોજના બનાવી શકો છો. ઘરના સભ્યો પણ તમારી સાથે નવી ચીજો ખરીદીને ખૂબ ખુશ દેખાશે. આ અઠવાડિયે, તમારા કુટુંબના સભ્ય પર આંધળો વિશ્વાસ કરવો, અને તેમને તમારા રહસ્ય વિશે જાગૃત કરવાથી, માનસિક તાણમાં વધારો થઈ શકે છે. તેથી દરેકને તે કહેવા માટે સક્ષમ છે તેટલું કહો. અન્યથા તમારી છબીને નુકસાન થઈ શકે છે. તમારી રાશિના લોકો હૃદય ફેંકનાર પ્રકૃતિના લોકો છે, અને આ અઠવાડિયે તમારી પ્રકૃતિ તમારા પ્રેમીને પસાર કરી શકશે નહીં. કારણ કે શક્ય છે કે તમે કોઈ ત્રીજા વ્યક્તિ સાથે સામાન્ય રીતે વાત કરો, પરંતુ આવી વાતો કરવાથી તમારા પ્રિયજનને દુખી થાય છે. આવી સ્થિતિમાં તમારી ટેવમાં સુધારો લાવો. આ અઠવાડિયે ક્ષેત્રમાં તમે ઇચ્છાથી કેટલાક સકારાત્મક ફેરફારો જોઈ શકો છો.

**વૃશ્ચિક - (ન, ય) :-**આ અઠવાડિયે, તમે ઘણી હદ સુધી સ્વસ્થ અનુભવો છો. કારણ કે આ દરમિયાન, તમે તમારા કુટુંબ અને ક્ષેત્રમાં યોગ્ય સંતુલન જાળવવામાં અને તે દરમિયાન તમારા સ્વાસ્થ્યને જાળવવામાં સફળ થશો. જો તમે આજ સુધી કોઈ આર્થિક સમસ્યાનો સામનો કરી રહ્યા છો, તો આ અઠવાડિયામાં તેના વિશે વિચાર કરવાને બદલે, તમારે એવું કંઈક કરવાની જરૂર પડશે જે તમારી કમાણીમાં વધારો કરી શકે. આ માટે તમે તમારા મિત્રો, નજીકના મિત્રો અથવા કોઈ વડીલની સલાહ લીધા પછી કોઇ પણ મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો. આ અઠવાડિયે તમારી પારિવારિક જવાબદારીઓ વધશે, જે તમને માનસિક તાણ આપશે. આ સ્થિતિમાં, હવેથી અયોગ્ય પરિસ્થિતિ વિશે વિચારવાનો અને તેની અપેક્ષા કરવાને બદલે, તેમના માટે તમારી જાતને તૈયાર કરવા માટે પ્રયત્નશીલ રહો. નસીબ આ અઠવાડિયે તમારી સાથે રહેશે, જે ફક્ત તમારી ખ્યાતિમાં વધારો કરશે જ નહી, પણ તમે વિજાતીય લોકોને પણ સરળતાથી આકર્ષિત કરી શકશો અને તેમને તમારી તરફ આકર્ષિત કરી શકશો.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** કોઈ મોસમી રોગના કિસ્સામાં જો તમારી પાસે ઘરે તમારી પોતાની સારવાર ન હોય તો, તમારે ડોક્ટરની સલાહ લીધા વિના દવાઓ ન લેવાની સૂચના આપવામાં આવે છે. આ અઠવાડિયે, તમારી રાશિના જાતકનું નાણાકીય જીવન સામાન્ય કરતાં વધુ સારું રહેશે. કારણ કે એક તરફ, જ્યાં અનિચ્છનીય ખર્ચ તમને થોડી મુશ્કેલી આપે છે, તો બીજી તરફ, ઘણા ોતોમાંથી પૈસા પ્રાપ્ત થવાને કારણે, તમે આ બધા ખર્ચમાંથી છૂટકારો મેળવી શકો છો.

આભાર - નિહારીકા રવિયા જેના કારણે તમારા ચહેરા પર એક અલગ સ્મિત પણ આવી શકે છે, તો આ શુભ સમયનો લાભ લો. પારિવારિક વડીલો સાથે, વિવાદિત મુદ્દાઓ પર દલીલ કરવાનું ટાળો જેનાથી તમે અને પ્રિયજનો વચ્ચે ગેરસમજ થઈ શકે. તેથી, તેમને હલ કરવાને બદલે, તેમનાથી દૂર રહેવું તમારા હિતમાં હશે. આ અઠવાડિયે તમે તમારા પ્રેમિકા સાથે તમારા ભૂતકાળને લગતા ઘણા રહસ્યો શેર કરવાનું નક્કી કરી શકો છો.

**મકર - (ખ, જ) :-**તમારે કાળજી લેવી પડશે કે તમે પોતાને વધારે કામ હેઠળ દબાણ ન કરો અને જ્યારે પણ તમે તમારા કામમાંથી સમય કાડો ત્યારે થોડો આરામ કરો. તે તમને અંદરથી તાજગીની લાગણી પણ આપશે. આ અઠવાડિયે તમારે સમજવું પડશે કે, જ્યાં સુધી તમારી સામે પૈસા હશે ત્યાં સુધી તમારા ખર્ચો શક્ય તેટલી ઝડપથી વધતા રહેશે. આવી સ્થિતિમાં, બધા પૈસા ખતમ થઈ જાય તે પહેલાં, તમારે તમારા વધારાના પૈસા એક સુરક્ષિત જગ્યાએ રાખવી પડશે, જ્યાંથી તેને ઉપાડવાનું તમારા માટે સરળ નથી. આ માટે તમે તે પૈસા તમારા માતાપિતાને પણ આપી શકો છો. કારણ કે આવનારા સમયમાં આ નાણાંનો ઉપયોગ કરીને, તમે તમારી જાતને ઘણી આર્થિક સમસ્યાઓથી બચાવી શકશો. જો તમે પાર્ટી કરવાનો વિચાર કરો છો, તો તમારા નજીકના મિત્રોને બોલાવો. કારણ કે ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. આ અઠવાડિયે પણ કંઈ ખાસ કર્યા વિના, તમે સરળતાથી તમારા પરિવારના સભ્યોનું ધ્યાન આકર્ષિત કરી શકશો. આ અઠવાડિયે, તમે તમારા પ્રેમ જીવનમાં સકારાત્મક ફેરફારો જોશો.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-** આખા અઠવાડિયામાં તેમના આરોગ્યની વિશેષ કાળજી લેવાની જરૂર છે. આ માટે, સવારે અને સાંજે પાર્કમાં જાઓ, લગભગ 30 મિનિટ ચાલો અને શક્ય તેટલું ધૂળવાળા સ્થળોની મુલાકાત લેવાનું ટાળો. આ રાશિના કેટલાક રાશિવાળાઓ ના ઘરે આ અઠવાડિયામાં કોઈ પ્રકારનું શુભ કાર્ય થવાની સંભાવના પણ છે. જેના પર તમે ઘણા પૈસા ખર્ચ કરશો, પરંતુ તમારા પૈસા પહેલેથી જ એકઠા થઈ જતાં, આ ખર્ચની અસર તમારી આર્થિક સ્થિતિને કોઈપણ રીતે અસર કરશે નહીં. આ અઠવાડિયામાં તમે પરિવાર સાથે સમય પસાર કરશો. આ સમય દરમિયાન તમે જાણશો કે ઘરના બાળકો તેમની ભણતર કરતાં રમત રમવામાં વધારે સમય વિતાવતા હોય છે. જેના કારણે તમે નિરાશ થશો અને તમે આ દિશામાં યોગ્ય નિર્ણય લઈ તેમના માટે કેટલાક સખત નિયમો બનાવી શકો છો. આ અઠવાડિયે તમારે કોઈ કારણસર તમારા પ્રેમીથી દૂર જવું પડી શકે છે. જો કે, આ સમય દરમિયાન, તમે બંને એકબીજાને સમય આપશો, જેથી જો સંબંધોમાં કોઈ ગેરસમજ રહેતી હોય, તો તે પણ, પોતે જ સંપૂર્ણ રીતે દૂર થઈ જશે.

**મીન-(દ, ચ, ઝ, થ) :-** તમારા ઘરના સભ્યના બગડતા સ્વાસ્થ્યમાં સુધારો જોઈને તમને માનસિક તાણથી પણ રાહત મળશે. આવી સ્થિતિમાં, સ્વસ્થ રહેવા માટે, શક્ય હોય ત્યાં સુધી તેમની સંભાળ રાખો અને તેમની સાથે નિયમિત યોગ કરો. આર્થિક દ્રષ્ટિએ, આ અઠવાડિયા તમારી રાશિના લોકો માટે ખૂબ જ શુભ ફળદાયી બનશે. આવી સ્થિતિમાં, તમારા પ્રયત્નોને થોડુંક ઘટવા ન દો, કારણ કે ગ્રહ ગ્રહણકારી સ્થિતિ તમને આ સમયે તમારી સંપત્તિમાં વધારો કરવાની શ્રેષ્ઠ તક પ્રદાન કરી શકે છે. આ અઠવાડિયે કુટુંબના સભ્યોને તમારા નિયંત્રણમાં રાખવું, તમારા પર તમારા નિયમો લાદવાની અને તેમને ન સાંભળવાની તમારી વૃત્તિ તમારી વિરુદ્ધ જઈ શકે છે. આને કારણે, તમારા ઘરના લોકો સાથે ચર્ચા શક્ય છે. જેના કારણે તમારે ન ઇચ્છે તો પણ તેમની ટીકાનો સામનો કરવો પડી શકે છે. આ અઠવાડિયે, તમારા પરિવારમાં કેટલીક સમસ્યાઓ થવાની સંભાવના છે. પરંતુ તે માટે, દરેક નાની વસ્તુ માટે તમારા પાર્ટનરને ટીંટવાનું ટાળો, નહીં તો તમારો સ્વભાવ તમારા પ્રેમીને ગુસ્સે કરી શકે છે, જે તમને પછીથી મુશ્કેલીમાં પણ મૂકશે. તેથી તમે તેમને કંઈ પણ કહો તે પહેલાં વિચારો. તમારી રાશિના નિશાનીમાં મહત્તમ ગ્રહોની સ્થિતિ સૂચવે છે કે તમારામાંથી કેટલાકને આ સમયગાળામાં તમારી નોકરીમાં સ્થાનાંતરણ અથવા સારા ફેરફારની સંભાવના છે. જો કે, શરૂઆતથી, તમારે તમારા ઉપરી અધિકારીઓ સાથેનો સંબંધ સુધારવો પડશે. આ અઠવાડિયે શિક્ષણ ક્ષેત્રે, વિદ્યાર્થીઓ ઘણા સકારાત્મક ફેરફારો જોશે. ખાસ કરીને જે વિદ્યાર્થીઓ વિદેશ જવાનું સ્વપ્ન જોતા હોય તેમના માટે આ સમય ખાસ ફળદાયક સાબિત થશે.

# પ્રજનન દરમાં સતત ઘટાડો
# દુનિયાની હાલત એવી થઈ જશે કે યુવાનો કરતાં વૃદ્ધોની સંખ્યા વધુ હશે

વોશિંગ્ટન,
૧૯૫૦ થી વિશ્વના ઘણા દેશોમાં પ્રજનન દરમાં ઘટાડો થયો છે. આગામી દિવસોમાં પણ આમાં કોઈ રાહત મળવાની નથી. એક નવા અભ્યાસમાં આ વાત સામે આવી છે. અભ્યાસનો અંદાજ છે કે સદીના અંત સુધીમાં પ્રજનન દરમાં ઘટાડો થતો રહેશે અને દુનિયા એવી બની જશે કે યુવાનો કરતાં વૃદ્ધોની સંખ્યા વધુ હશે. પ્રજનન દર એ સ્ત્રીના જીવનકાળમાં જન્મેલા બાળકોની સરેરાશ સંખ્યા છે. એક નવા અભ્યાસ મુજબ વૈશ્વિક સ્તરે આ સંખ્યા ૧૯૫૦માં ૪.૮૪ થી ઘટીને ૨૦૨૧માં ૨.૨૩ થઈ ગઈ છે અને ૨૧૦૦ સુધીમાં તે ઘટીને ૧.૫૯ થઈ જશે. આ સંશોધન યુનિવર્સિટી



ઓફ વોશિંગ્ટન ખાતે ઈન્સ્ટિટ્યૂટ ફોર હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશન દ્વારા કરવામાં આવ્યું છે. એક સંશોધકે કહ્યું કે, આપણે દાયકાઓથી જે અનુભવી રહ્યા છીએ તે કંઈક એવું છે જે આપણે માનવ ઈતિહાસમાં પહેલાં જોયું નથી. IHME ના ડાયરેક્ટર ડૉ. ક્રિસ્ટોફર મુરેએ જણાવ્યું હતું કે આ પરિવર્તન માટે ઘણા કારણો છે, જેમાં શિક્ષણ અને રોજગારમાં મહિલાઓ માટે તકો અને ગર્ભનિરોધક અને પ્રજનન સ્વાસ્થ્ય સેવાઓની વધુ સારી પહોંચનો સમાવેશ થાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય અને સંશોધન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. ગીતાઉ મ્બુરુએ જણાવ્યું હતું કે બાળકોના ઉછેરનો ખર્ચ, બાળ મૃત્યુદરનું જોખમ અને લિંગ સમાનતા પ્રજનન દરમાં ઘટાડાનું કારણ બને છે. આ કારણોસર લોકો સંતાન પ્રાપ્તિથી ડરે છે.

# IPLની પહેલી જ મેચમાં RCBને પછાડીને CSKની જીત સાથે સિઝનની શરુઆત

મુંબઈ,
RCBએ ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૭૩ રન બનાવ્યા હતા. આ ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ચેન્નાઈ સુપર કિંગ્સે ૬ વિકેટથી આ મેચ જીતી લીધી છે. ચેન્નાઈ તરફથી શિવમ દુબે (૩૪) અને રવિન્દ્ર જાડેજા (૨૫)એ મહત્વની ઈનિંગ્સ રમીને ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ સિવાય બોલિંગ દરમિયાન મુસ્તફિઝુર રહેમાનને પણ ૪ વિકેટ લઈને તરખાટ મચાવ્યો હતો

IPLનો પ્રારંભ થઈ ચૂક્યો છે અને મેચમાં કેટલાક ઉતાર-ચઢાવ રહ્યા બાદ આખરે ઋતુરાજ ગાયકવાડની ચેન્નાઈ સુપર કિંગ્સે મેચ જીતી લીધી છે. ચેમ્પિયન ટીમની કમાન આ વર્ષે ધોની નહી પરંતુ ઋતુરાજ ગાયકવાડના હાથમાં આવી છે છતાં ટીમનો દબદબો યથાવત છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)એ ટોસ જીતીને બેટિંગ લેવાનો નિર્ણય કર્યો હતો. જેમાં RCBએ ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૭૩ રન બનાવ્યા હતા. આ ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ચેન્નાઈ સુપર કિંગ્સે ૬ વિકેટથી આ મેચ જીતી લીધી છે. ચેન્નાઈ તરફથી શિવમ દુબે (૩૪) અને રવિન્દ્ર જાડેજા (૨૫)એ મહત્વની ઈનિંગ્સ રમીને ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ સિવાય બોલિંગ દરમિયાન મુસ્તફિઝુર રહેમાનને પણ ૪ વિકેટ લઈને તરખાટ મચાવ્યો હતો.

પહેલા બેટિંગ કરવા માટે ઉતરેલી RCBનો પ્રોજેક્ટેડ સ્કોર ૧૨૦ની આસપાસ ચાલતો હતો પરંતુ અંતમાં વિકેટકીપર અનુજ રાવત અને દિનેશ કાર્તિક વચ્ચે થયેલી મજબૂત પાર્ટનરશિપના કારણે ટીમનો સ્કોર ૧૭૩ પર પહોંચ્યો હતો. આરસીબીએ મજબૂત શરુઆત કરીને લગભગ ૧૦ની એવરેજ સાથે ૪ ઓવર રમી હતી, જોકે, આ પછી ફાફ ડુપ્લેસીના રૂપમાં ચેન્નાઈને પહેલી વિકેટ મળ્યા બાદ રજત પાટીદાર અને મેક્સવેલ પણ ખાતું ખોલાવ્યા વગર પેવેલિયન ભેગા થઈ ગયા હતા.

# ચાર્જમાં રાખીને મોબાઈલ વાપરતા યુવકનું મોત

## આ એક ભૂલ કરોડો લોકોને કરે છે સતર્ક

બુંદી
બુંદી જિલ્લામાંથી કરોડો લોકોને એલર્ટ કરનારા સમાચાર સામે આવ્યા છે. જ્યાં મોબાઈલ ચાર્જ કરતી વખતે એક યુવકનું મોત થયું હતું. ફોન પકડતાની સાથે જ તે લાશમાં ફેરવાઈ ગયો.

રાજસ્થાનના બુંદી જિલ્લામાંથી આવી રહેલા સમાચાર કરોડો મોબાઈલ ધારકો માટે ચેતવણીરૂપ છે. મોબાઈલે યુવકનો જીવ લીધો. તેનું શરીર વાદળી થઈ ગયું. ક્ષણભરમાં તે પરિવારની સામે લાશ બની ગયો. આ ઘટના હિંડોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થિત પેરા ગામમાં બની હોવાનું કહેવાય છે.ગામમાં રહેતો વીસ વર્ષનો રણજીત ગુર્જર આજે સવારે પોતાના રૂમમાં હતો. તે મોબાઈલ ફોન ચાર્જ કરી રહ્યો હતો ત્યારે અચાનક ફોન ગરમ થઈ ગયો. તેણે ચાર્જર કાઢીને બીજી પીનમાં લગાવી દીધું અને ફરી ફોન ચાર્જ કરવા લાગ્યો. આ દરમિયાન અચાનક જોરદાર કરંટ આવ્યો અને તે ત્યાં જ નીચે પડી ગયો. તેના હાથ અને પગ વાદળી થઈ ગયા.

આંખો પહોળી રહી. જ્યારે નજીકના રૂમમાં બેઠેલા પરિવારના સભ્યો રણજીતના રૂમમાં આવ્યા ત્યારે તે જમીન પર પડેલો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, પરંતુ ત્યાં સુધીમાં તેનું મોત થઈ ગયું હતું. તેમના મૃત્યુ બાદ પરિવાર આઘાતમાં છે.

આ ઘટનાથી સૌ કોઈ ચોંકી ગયા છે. પરિવાર આઘાતમાં છે. આવી જ રીતે થોડા દિવસો પહેલા રાજસ્થાનમાં પણ એક યુવકનું મોત થયું હતું. મોબાઈલ ફોન ચાર્જ કર્યા બાદ તેણે તે ખિસ્સામાં જ રાખ્યો હતો જ્યારે ફોન ફાટ્યો. ફોનની બેટરીના ટુકડા શરીરમાંથી પસાર થઈ ગયા. ફોન શર્ટના ખિસ્સામાં રાખ્યો હતો.

# રણવીરસિંહ તેના બાળક માટે એક વર્ષ ફિલ્મોથી દૂર રહેશે

મુંબઈ,
રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ તેમના ભાવિ બાળકોને મળવા માટે દિવસો ગણી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, ઘણા વર્ષો સુધી ડેટ કર્યા પછી, બંનેએ ૧૪ નવેમ્બર, ૨૦૧૮ ના રોજ ઈટાલીના લેક કોમોના વિલા ડેલ બાલ્બિયાનેલોમાં એકબીજા સાથે લગ્ન કર્યા. તેમના લગ્ન તેમના ચાહકો માટે એક સ્વપ્ન સાકાર થવાથી ઓછા ન હતા. જે સ્ટાર્સ ટૂંક સમયમાં માતા-પિતા બનવાના છે તેઓ તેમની પ્રેગ્નેન્સી સફરની ઝલક આપી રહ્યા છે, જેના કારણે તેમના ફેન્સ ખૂબ જ ઉત્સાહિત છે.

દીપિકા પાદુકોણ અને રણવીર સિંહની નજીકના એક સૂત્રએ મીડિયાને તેમની પ્રેગ્નન્સી વિશે કેટલીક વાતો જણાવી. સૂત્રએ ખુલાસો કર્યો કે દીપિકાએ તેના તમામ વર્ક કમિટમેન્ટ્સ પહેલાથી જ પૂર્ણ કરી લીધા છે. જ્યારે રણવીર પાસે આવી કોઈ યોજના નહોતી, હવે તે તેની પત્ની દીપિકા સાથે રહેવા માટે એક વર્ષની પિતૃત્વ રજા લેશે.

# સમીર વાનખેડેએ રાખી સાવંત સામે માનહાનિનો કેસ દાખલ કર્યો

મુંબઈ,
મુંબઈ NCBના ભૂતપૂર્વ ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડેએ અભિનેત્રી અને સોશિયલ મીડિયા સ્ટાર રાખી સાવંત વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો છે. સમીર વાનખેડેએ વકીલ કાશિફ અલી ખાન વિરુદ્ધ પણ કેસ દાખલ કર્યો છે. તેનો આરોપ છે કે રાખી અને કાશિફ અલી ખાને તેની વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી છે. સમીર વાનખેડેએ માનહાનિની ??અરજીમાં એક ઈન્ટરવ્યુનો ઉલ્લેખ કર્યો છે. તેણે કહ્યું છે કે કાશિફ અલી ખાને એક ટીવી ચેનલને આપેલા





ઈન્ટરવ્યુમાં જાણી જોઈને ખોટું બોલ્યું અને તેણે આપેલા નિવેદનો પાયાવિહોણા હતા. અરજીમાં કાશિફના નિવેદનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં કથિત રીતે એવું કહેવામાં આવ્યું હતું કે સમીર વાનખેડે મીડિયા પ્રત્યે ઝનૂની છે અને સેલિબ્રિટીઓને નિશાન બનાવે છે.

# વિશ્વના ધનકુબેરોની યાદીમાં અદાણી ૧૬માં ક્રમે

વોશિંગ્ટન,
ધનકુબેરોની યાદીમાં ફરી એકવાર ખળભળાટ મચી ગયો છે. બર્નાર્ડ આર્નોલ્ટ વિશ્વના સૌથી અમીર વ્યક્તિનો તાજ ગુમાવ્યા બાદ બીજા ક્રમે આવી ગયા છે. એમેઝોનના ભૂતપૂર્વ સીઈઓ અને એક સમયે વિશ્વના સૌથી અમીર વ્યક્તિ જેફ બેઝોસે ફરી આ સ્થાન હાંસલ કર્યું છે. નજીકના સમયમાં અમીરોની યાદીમાં ટોચના સ્થાને ત્રણ મોટા ફેરફારો થયા છે. પહેલા બર્નાર્ડ આર્નોલ્ટે એલોન મસ્કને હરાવ્યા અને પછી જેફ બેઝોસે આર્નોલ્ટને પાછળ ધકેલ્યા છે. આ પછી આર્નોલ્ટે ફરી એક વાર બેજોસને પાછળ છોડી દીધા અને આજે બેઝોસે આર્નોલ્ટને બીજા ક્રમે સરકાવ્યા છે. જેફ ૨૦૦ બિલિયન ડોલરની નેટવર્થ સાથે આ યાદીમાં અબજોપતિ નંબર વન બન્યા છે એટલું જ નહીં પરંતુ તે ૨૦૦ બિલિયન ડોલર સંપત્તિના માલિક એકમાત્ર અબજોપતિ પણ છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સના લેટેસ્ટ અપડેટ અનુસાર જેફ બેઝોસ હવે વિશ્વના સૌથી અમીર વ્યક્તિ છે. તેમની કુલ સંપત્તિ ૨૦૧ અબજ ડોલર છે. બુધવારે તેમની સંપત્તિમાં ૨.૧૬ અબજ ડોલરનો વધારો થયો અને બર્નાર્ડ આર્નોલ્ટની સંપત્તિમાં ૨.૮૦ અબજ ડોલરનો ઘટાડો થયો હતો. બર્નાર્ડને નુકસાનનો માર સહન કરવો પડ્યો અને તે પ્રથમ સ્થાનેથી બીજા સ્થાને સરકી ગયા છે.



# મારી ધાર્મિક માન્યતાઓ, ખાવાની પસંદગી આ તમામ નિર્ણય મારા હોય છે : સારા અલી ખાન

મુંબઈ,
બોલિવૂડ અભિનેત્રી સારા અલી ખાન બિનસાંપ્રદાયિક પરિવાર સાથે સંબંધ ધરાવે છે. તેના પિતા સૈફ અલી ખાન મુસ્લિમ છે. જ્યારે માતા અમૃતા સિંહ હિન્દુ છે. તે પોતાનું પૂરું નામ સારા અલી ખાન લખે છે. તેની માતા અમૃતા સિંહ અને પિતા સૈફ અલી ખાનના છૂટાછેડા થઈ ગયા છે. પરંતુ સારા અલી ખાન આ બંને સાથે સમય પસાર કરતી જોવા મળી રહી છે. સારા અલી ખાન તેના પિતાની અટકનો ઉપયોગ કરે છે અને તેની માતા સાથે રહે છે. ઘણી વખત લોકોએ સારાને તેની અટકમાં અલી ખાન લખવા અને મંદિરોમાં જવા માટે ટ્રોલ કરી છે. એક ઈન્ટરવ્યુમાં અભિનેત્રીએ પોતાની અટક પર સવાલ ઉઠાવનારાઓને જવાબ આપ્યો છે.

સારા માને છે કે, તે જાણે છે કે જે સાચું છે તેના માટે તેની સામે કેવી રીતે ઊભા રહેવું. તેની ધર્મ પ્રત્યેની આસ્થા પર સવાલો ઉભા થયા છે. પરંતુ આ બધું તેને પરેશાન કરતું નથી. સારાએ કબૂલ્યું હતું કે, ભૂતકાળમાં તે પોતાની જાતને દુનિયા સમક્ષ રજૂ કરવામાં દંભી રહી છે. પણ હવે તેણે આ બધું કરવાનું બંધ કરી દીધું છે.

મીડિયા સૂત્રો સાથે વાત કરતા સારાએ કહ્યું, મારો જન્મ એક ધર્મનિરપેક્ષ, સાર્વભૌમ અને લોકતાંત્રિક ગણતંત્ર પરિવારમાં થયો હતો. મને ક્યારેય અન્યાય વિશે ખુલ્લેઆમ બોલવાની જરૂર નથી લાગી.



# લોકસભાની ચૂંટણીમાં સુરતનાં કાપડ બજારના વેપારીઓને ૧૨૦૦ કરોડના વેપારની આશા

સુરત,
લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર થતા ની સાથે જ સુરતના કપડાં બજાર માટે રાહતના સમાચાર બનીને સામે આવ્યા છે. જેમાં ભાજપના ટોપી અને ખેંસ સહિત ૧૦૦ રૂપિયાથી લઈ ૧૨૦ રૂપિયા સુધીની કિમતની સાડીઓની અલગ અલગ રાજયમાંથી ડિમાન્ડ નીકળતા રૂપિયા ૧૨૦૦ કરોડના વેપારની આશા સુરત ટેક્સ્ટાઈલ્સ ઉદ્યોગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. કેરલા,કર્ણાટક,મધ્યપ્રદેશ સહિતના રાજ્યોમાંથી ટોપી,ખેંસ,સાડીની ભારે ડિમાન્ડ નીકળી છે. જેના કારણે કાપડ બજારમાં મંદીના માહોલનો સામનો કરી રહેલા વેપારીઓને એક નવી આશા જાગી છે. એશિયાની સૌથી મોટી ટેક્સટાઈલ માર્કેટમાં છેલ્લા ઘણા સમયથી વેપારીઓ મંદીના માહોલનો સામનો કરતા આવ્યા છે. પરંતુ લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર થતા ની સાથે મંદીના માહોલ નો સામનો કરી રહેલા કાપડ વેપારીઓને એક નવી આશા નું કિરણ દેખાયું છે. ભાજપની ટોપી ખેસ અને રૂપિયા ૧૦૦ થી ૧૨૦ રૂપિયા સુધીની કિંમતની સાડીઓની અલગ અલગ રાજ્યોમાંથી ડિમાન્ડ નીકળતા વેપારીઓને મોટી રાહત મળી છે.એક રીતે લોકસભાની ચૂંટણી ઠકી સુરતના ટેક્સટાઈલ વેપારીઓને અંદાજિત ૧૨૦૦ કરોડ રૂપિયાનો વેપાર મળે તેઓ આશાવાદ વેપારી અગ્રણીઓએ વ્યક્ત કર્યો છે. સુરતના નામી કાપડ વેપારી સંજય સરાવગીએ જણાવ્યું છે કે, પહેલા અલગ અલગ રાજ્યોમાંથી ચૂંટણીના સમયે ભાજપ ની ટોપી,ખેંસ અને સામાન્ય કિંમતની સાડીઓની ભારે ડિમાન્ડ રહેતી હતી.

# લોકસભાની ચૂંટણી બાદ ૧૦૦ અબજ ડોલરનું વિદેશી રોકાણ બજારમાં આવી શકે છે : જેપી મોર્ગન

## નરેન્દ્ર મોદીના સત્તામાં આવવાથી ભારત આ દાયકામાં ઝડપથી વિકાસ કરશે

નવીદિલ્હી,
દેશમાં સામાન્ય ચૂંટણી બાદ શેરબજારમાં ૧૦૦ અબજ ડોલરનું વિદેશી રોકાણ આવી શકે છે. જેપી મોર્ગને જણાવ્યું હતું કે અર્થતંત્રની આશાસ્પદ વૃદ્ધિની સંભાવનાઓ અને યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા દરમાં ઘટાડો થવાની શક્યતાને કારણે ભારતીય બજાર આકર્ષક રહે છે.

જેપી મોર્ગનના એક અધિકારીએ જણાવ્યું હતું કે ભારતના ઈ૪.૩ ટ્રિલિયન શેરબજારમાં વૈશ્વિક ભંડોળની સ્થિતિ હળવી છે. રોકાણકારો બજારના કોઈપણ કરેક્શનનો ઉપયોગ હોલ્ડિંગ વધારવાની તક તરીકે કરશે. છેલ્લા અઢી વર્ષમાં વિદેશી રોકાણકારોએ તેમના રોકાણમાં બહુ વધારો કર્યો નથી. તેઓ સ્પષ્ટ અને મજબૂત તકની રાહ જોઈ રહ્યા છે. વિદેશી રોકાણકારો વિકાસ આધારિત નીતિઓ અથવા સુધારાના આધારે બજારમાં રોકાણ વધારશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળમાં આના પર વધુ ભાર આપી શકાય છે. આથી ચૂંટણી પછી જ્યારે નવી સરકાર આવશે ત્યારે વિદેશી રોકાણકારો ભારતીય બજારમાં ઘણું રોકાણ કરી શકશે.

જેપી મોર્ગન પહેલા ગોલ્ડમેન સૅક્સે પણ કહ્યું છે કે નરેન્દ્ર મોદીના સત્તામાં આવવાથી ભારત આ દાયકામાં ઝડપથી વિકાસ કરશે.

# આ ફોટો થઈ રહ્યો છે ખૂબ વાયરલ



સોશિયલ મીડિયા પર શું વાયરલ થશે તે વિશે કોઈ કહી શકે નહી. હવે આ વીડિયો સિવાય લોકોના જુગાડના વીડિયો અને ફોટા પણ સોશિયલ મીડિયા પર વાયરલ થવા લાગ્યા છે. આવો જ એક ફોટો અત્યારે વાઈરલ થઈ રહ્યો છે, જેને જોઈને તમે હસી પડશો. ઈન્ડિગો ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલા એક વ્યક્તિએ પોતાના સામાનનો એવી રીતે ઉપયોગ કર્યો કે ફોટો વાયરલ થઈ ગયો. તમે ક્યારેય ફ્લાઈટમાં મુસાફરી કરી હોય તો તમે જોયું હશે કે દરેક સીટ પર હેડ રેસ્ટની પાસે એક કપડું રાખવામાં આવ્યું છે. કેટલાક લોકો એવી દલીલ કરે છે કે સીટ પર કપડું એટલા માટે રાખવામાં આવે છે કે સીટ ગંદી ન થાય.

# આફ્રિકન દેશ સુદાનમાં ભૂખમરાને લીધે ૧.૮ કરોડ લોકો સામે પેટ ભરવાનું સંકટ

સંયુકતરાષ્ટ્ર,
આફ્રિકન દેશ સુડાનમાં છેલ્લા ૧૧ મહિનાથી હિંસક સંઘર્ષ ચાલી રહ્યો છે. હિંસાનો આ સમયગાળો એટલો ખતરનાક બની ગયો છે કે લોકો સમક્ષ ભૂખમરાનું સંકટ ઘેરું બની ગયું છે. અહીં લોકો ભૂખમરાનો માર સહન કરી રહ્યા છે.આવી સ્થિતિમાં, સંયુક્ત રાષ્ટ્રની માનવતાવાદી સહાય એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે અને આ એજન્સીઓએ ચેતવણી આપી છે કે સુડાનમાં છેલ્લા ૧૧ મહિનાથી ચાલી રહેલી લોહિયાળ લડાઈને કારણે ભૂખમરાનું સંકટ ઘેરી બની રહ્યું છે. યુએનના જણાવ્યા અનુસાર, આ વર્ષે મે સુધીમાં કેટલાક વિસ્તારોમાં ખાદ્ય અસુરક્ષાની સ્થિતિ કટોકટીના સ્તરે પહોંચી શકે છે.

જનરલ અબ્દેલ ફત્તાહ અલ બુરહાનની આગેવાની હેઠળની સેના અને મોહમ્મદ હમદાન દગાલો દ્વારા સમર્થિત અર્ધલશ્કરી દળ રેપિડ સપોર્ટ ફોર્સ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. ગયા વર્ષે એપ્રિલથી ચાલી રહેલી લડાઈમાં હજારો લોકો માર્યા ગયા છે. હિંસક સંઘર્ષની એક વર્ષની વર્ષગાંઠ નજીક આવી રહી છે ત્યારે સંયુક્ત રાષ્ટ્રના માનવતાવાદી બાબતોના સંકલન કાર્યાલયના ઓપરેશન્સ ડિરેક્ટર એડેમ વોસોર્નુએ જણાવ્યું હતું. સુડાન સૌથી ખરાબ માનવતાવાદી આપત્તિઓમાંથી એકમાંથી પસાર થઈ રહ્યું છે. સુદાનની સશસ્ત્ર દળો અને અર્ધલશ્કરી રેપિડ એક્શન ફોર્સ વચ્ચે ગયા વર્ષે એપ્રિલમાં શરૂ થયેલ યુદ્ધ, ૧૮ મિલિયન લોકો અથવા સુડાનની વસ્તીના એક તૃતીયાંશથી વધુ લોકો અચાનક ખોરાકની અસુરક્ષાનો સામનો કરી રહ્યા છે. આમાંના મોટાભાગના ડાર્ફુર, કોર્ડોફાન પ્રદેશ અને ખાર્તુમ અને અલ જઝીરા પ્રાંતમાં છે.

ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ માર્ટિનાએ જણાવ્યું હતું કે ૨૦૨૪માં ૩.૩ મિલિયન ટન અનાજની આયાતની જરૂરિયાત હોવાનો અંદાજ છે અને આ જરૂરિયાતોને પહોંચી વળવા માટે સુડાનની નાણાકીય અને ઓપરેશનલ ક્ષમતા અંગે ચિંતા વધી રહી છે.

# હોળી-ધુળેટીની ઉજવણી માટે લોકો સજ્જ : બજારમાં ધાણી, ખજૂર, રંગ, પીચકારીનુ ધૂમ વેચાણ







આવતીકાલે રવિવારે ફાગણ સુદ પૂનમ, હોળીના તહેવારની ઉજવણી કરવામાં આવશે જ્યારે સોમવારે ધુળેટી નિમિત્તે રંગોત્સવ પર્વની ઉજવણી કરવામાં આવશે. સમગ્ર સૌરાષ્ટ્ર ભરની સાથે સાથે ભાવનગરમાં પણ હોળી અને ધુળેટીના તહેવારની ઉજવણી કરવા માટે લોકો સજ્જ બન્યા છે. ભાવનગરની બજારોમાં પણ હોળી ધુળેટી નિમિત્તેની સામગ્રીનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે જેમાં ધાણી, દાળિયા, ખજૂર, પતાસાના હારડા તેમજ ધુળેટી માટે વિવિધ પ્રકારના રંગો તેમજ જાત ભાતની અવનવી વેરાઈટીઓ વાળી પિચકારીઓનું પણ ધૂમ વેચાણ થઈ રહ્યું છે. આ વર્ષે ધાણી અને ખજુર સહિતના ભાવમાં વધારો થયો છે. જ્યારે પિચકારીના ભાવમાં પણ ૨૦% જેટલો વધારો થયો છે. બજારમાં રૂ. ૫૦થી લઈને ૫૦૦ સુધીની પિચકારીઓ વેચાઈ રહી છે. અને લોકો ખાસ કરીને બાળકો ધૂમ ખરીદી કરી રહ્યા છે. શહેરના મોતીબાગ રોડ પર રંગો અને પીચકારીનુ જાણેકે મોટુ બજાર હોય તેમ લારીઓ ઉભી રહી ગઈ છે. આ ઉપરાંત મુખ્ય બજાર, વોરાબજાર તેમજ ગોળબજાર અને શહેરના દૂરના વિસ્તારોમાં પણ દુકાનમાં ધાણી, દાળીયા, ખજૂર અને પિચકારીઓનુ વેચાણ થઈ રહ્યું છે. રવિવારે હોળી પ્રગટ્યા બાદ હિંદુ સમાજના લોકો પ્રદક્ષિણા કરી ધાણી, ખજુર, શ્રીફળ સહિત પધરાવશે. નાના બાળકોને પતાસાના હારડા પહેરાવી હોળીની પ્રદક્ષિણા કરાવાય છે. જ્યારે નવ દંપતિઓ પણ હોળીના ફેરા ફરે છે. જ્યારે સોમવારે બાળકોથી લઈને યુવાનો અને વડીલો રંગોત્સવની ઉજવણી કરવા થનગની રહ્યાં છે. (તસવીર : મૌલિક સોની)

## સિદસરમાં સ્વામી નિર્દોષાનંદજી સંન્યાસ આશ્રમે રક્તદાન કેમ્પ તથા સત્સંગ સમારોહ

ભાવનગર, તા.૨૩

સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ટીંબીનાં લાભાર્થે ભાવનગરના સિદસર મુકામે પૂજ્ય સ્વામીજી દ્વારા સ્થાપિત સ્વામિ નિર્દોષાનંદજી પરમહંસ સંન્યાસ આશ્રમનાં નૈસર્ગિક વાતાવરણમાં પૂજ્યપાદ સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજની ઉપસ્થિતિમાં આગામી તા.૨૪ને રવિવાર, રંગોત્સવનાં પાવન દિને રક્તદાન કેમ્પ તથા સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે સવારે ૮ કલાકે રક્તદાન કેમ્પનો શુભારંભ થશે અને ૧૦ કલાકે પૂજ્ય સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ માનવસેવા અને શિવભક્તિમય અમૃતવાણીનો લાભ આપશે. બપોરે ૧૨ કલાકે સર્વે ઉપસ્થિત ધર્માનુરાગીજનો, મહેમાનો તથા રક્તદાતાઓને સમૂહ ભોજન-પ્રસાદ કરાવવામાં આવશે. આ પ્રસંગે તંદુરસ્ત યુવા ભાઈઓ-બહેનોને રક્તદાન કરવા માટે પધારવા સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ મંડળ – સિદસર દ્વારા જાહેર આમંત્રણ અપાયું છે.

### ચૂંટણી આચારસંહિતાના પગલે ચર્ચા વગર જ મહાપાલિકા અને શિક્ષણ સમિતિના બજેટ પાસ

# મ્યુ. કોર્પોરેશનના રૂ. ૧૨૦.૯૧ લાખ પુરાંતવાળુ બજેટ વગર ચર્ચાએ સાધારણ સભામાં મંજૂર

### શિક્ષણ સમિતિના રૂ. ૧૭૨.૧૫ હજારના અંદાજપત્રને મંજુરી અપાઈ, સામાન્ય બજેટમાં રસ્તા રીપેર, ફુટપાથ રીપેરીંગ, રખડતા ઢોર નિયંત્રણ ગ્રાન્ટ સહિતના ખર્ચ મંજુર

ભાવનગર, તા.૨૩

ભાવનગર મહાપાલિકાની સાધારણ સભા શુક્રવારે મળી, જેમાં ભાવનગર મહાપાલિકા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અંદાજપત્રને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી હતી. ચૂંટણી આચારસંહિતાના પગલે સાધારણ સભામાં કોઈ સમીક્ષા કરવામાં આવી ન હતી અને ચર્ચા વગર જ સ્ટેન્ડીંગ કમિટિએ મંજુર કરેલ બંને અંદાજપત્રને સાધારણ સભામાં પણ મંજુરી અપાઇ હતી.

ભાવનગર મહાપાલિકાના સભા હોલ ખાતે શુક્રવારે સાંજે મેયરના અધ્યક્ષ સ્થાને સાધારણ સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં ભાવનગર મહાપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને ભાવનગર મહાપાલિકાનુ વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્ર સર્વાનુમતે મંજુરી આપવામાં આવી હતી. લોકસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે. ચૂંટણી આચારસંહિતાના કારણે બજેટ અંગે કોઈ સમીક્ષા કરવામાં આવી નથી. ચર્ચા કર્યા વગર બંને બજેટને મંજુરી આપવામાં આવી હતી. તાજેતરમાં બંને બજેટને સ્ટેન્ડીંગ કમિટિએ મંજુર કર્યા હતા, જેમાં ભાવનગર મહાપાલિકામાં ઉઘડતી સીલક સહિતની કુલ આવક રૂ. ૧૬૪૮,૫૪,૦૦,૦૦૦ની સામે રૂ. ૧૫૨૭,૬૩,૦૦,૦૦૦ ખર્ચ કરતા વર્ષાન્તે રૂ. ૧૨૦,૯૧,૦૦,૦૦૦ પુરાંતવાળા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રને સ્ટેન્ડીંગ કમિટિએ સર્વાનુમતે મંજુરી આપી હતી, જેમાં શિક્ષણના બજેટનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના રૂ. ૧૭૨,૧૫,૩૫,૦૦૦ ના અંદાજપત્રને મંજુરી આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, શિક્ષણ સમિતિ સહિત ભાવનગર મહાપાલિકાનુ બજેટ દર વર્ષે મંજુર કરવામાં આવે છે અને સાધારણ સભામાં બજેટ મંજુર કરતા પૂર્વે વિપક્ષ કોંગ્રેસ અને શાસક ભાજપ વચ્ચે લાંબી ચર્ચા થતી હોય છે પરંતુ હાલ ચૂંટણી આચારસંહિતાના પગલે સમીક્ષા થઈ શકી ન હતી. કન્ટીજન્સી ખર્ચમાં રસ્તા રીપેર માટે રૂ. ૨૫૦ લાખ, ફુટપાથ રીપેરીંગ-રીઈન્સ્ટેન્ટમેન્ટ માટે રૂ. ૪૦૦ લાખ, મનપાની મિલ્કતો રીપેર તથા પ્રાથમિક શાળાના મકાન રીપેરીંગ માટે રૂ. ૩૦૦ લાખ, ભાડાનાં વાહન ખર્ચ વિગેરે (સો.વે.મેને.) માટે રૂ. ૧૭૦૦ લાખ, રસ્તાની સફાઈ માટે ખાનગીકરણ કરવાનો ખર્ચ રૂ. ૧૫૦૦ લાખ, ઢોર ડબ્બા નિભાવ ખર્ચ રૂ. ૭૦૦ લાખ, રખડતા ઢોર નિયંત્રણ ગ્રાન્ટ માટે રૂ. ૧૦૦ લાખ, ઈરીગેશન ચાર્જીસ-મહિપરીએજ પાણી ચાર્જ રૂ. ૩૦૦૦ લાખ, બગીચા-સર્કલ કોન્ટ્રાકટથી ચલાવવા માટે રૂ. ૩૦૦ લાખ વગેરે ખર્ચનો સમાવેશ થાય છે. ઉપરાંત કેપીટલ ખર્ચમાં કંસારા-ગઢેચી શુધ્ધીકરણ રૂ. ૧૫૦૦ લાખ, રૂવા ગામ પાસે રવેચી ધામ ડેવલપમેન્ટ માટે રૂ. ૨૦૦ લાખ, શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં ફલાય ઓવરનુ કામ રૂ. ૧૨૦૦ લાખ સહિતના ખર્ચનો સમાવેશ કરવામાં આવેલ છે.

## હોળીમાં ગોઠ માંગવા અને ઈચ્છા વિરૂધ્ધ રંગ છાંટવા પર પ્રતિબંધ

### હોળી-ધૂળેટીના પર્વમાં તકરાર નિવારવા પ્રતિબંધ ફરમાવાયો

ભાવનગર, તા.૨૩

આગામી તા. ૨૪ માર્ચને રવિવારે હોળી તથા તા.૨૫ માર્ચને સોમવારે ધૂળેટીનો તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવારો દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપરથી પસાર થતાં લોકોને અટકાવીને ઘેરૈયાઓ તેમની પાસેથી ગોઠ માંગે છે અને રસ્તા ઉપર ગોઠ માટે અડચણો ઉભી કરે છે તથા ગોઠ ન આપનાર ઉપર રંગ છાંટી રાહદારીઓને ત્રાસ આપી પરેશાન કરે છે.

આથી અકસ્માત, તકરારો થવાની શકયતાઓ હોઇ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ અન્વયે મળેલ સત્તાની રૂઇએ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર દ્વારા જાહેર હિતમાં ફરમાવેલ છે કે, સમગ્ર ભાવનગર જિલ્લામાં તા.૨૪ માર્ચ તથા તા.૨૫ માર્ચ, રવિવાર અને સોમવારે હોળી - ધુળેટી નિમિત્તે ઘેરૈયાઓએ લોકો પાસેથી ગોઠ માંગવી નહીં તેમજ તેમને રંગ છાંટીને પરેશાન કરવા નહીં તથા ઈચ્છા વિરૂધ્ધ રંગ છાંટવો નહીં તેમ જણાવાયું છે.

# લાખણકા ગામમાં ઘઉં વાઢવાનું હાર્વેસ્ટ મશીન પૂલ નીચે ખાબકતા ત્રણના મોત

### ક્રેઈન મંગાવી મશીન નીચે દબાઈ ગયેલ ત્રણેયના મૃતદેહને બહાર કઢાયા

ભાવનગર તા.૨૩

ભાવનગર નજીક આવેલ લાખણકા ગામ પાસે પુલ ઉપરથી ઘઉં વઢવાનું હાર્વેસ્ટ મશીન પલટી ખાઈને નીચે પડતા મશીનના ચાલક અને બે હેલ્પર સહિત ત્રણ વ્યક્તિના બનાવ સ્થળે જ મોત નીપજ્યા હતા.આ ઘટનાના પગલે લોકો એકઠાં થઈ ગયા હતા અને ક્રેઈનની મદદથી ત્રણેયના મૃતદેહને બહાર કાઢીને ભાવનગર હોસ્પિટલ ખસેડયા હતા.



તસવીર : મૌલીક સોની

આ બનાવવા અંગે પ્રાપ્ત વિગત મુજબ ઘોઘા તાલુકાના સાણોદર ગામમાં રહેતા નૂરમહંમદભાઈ જમાલભાઈ બિલખીયાની માલિકીનું ઘઉં વાઢવાનું હાર્વેસ્ટ મશીનનું કામ લાખણકા ગામમાં રહેતા મેઘજીભાઈ નટુભાઈ કુકડીયાની બુધેલ રોડ ઉપર આવેલ વાડીએ પૂરું થઈ જતા તેમના ત્રણ માણસો બાદલસિંહ, જશપાલસિંહ અને મંગાસિંગ હાર્વેસ્ટ મશીન લઈને વાળુકડ ગામ નજીક આવેલ જયેશભાઈની વાડીએ ઘઉં વાઢવા માટે જતા હતા ત્યારે લાખણકા ગામ પાસે આવેલ પુલની ગોળાઈએ પહોંચતા હાર્વેસ્ટ મશીન નં. પ્બ્દ્ધ ૦૪ ષ્ક ૦૮૫૨ ના ચાલક બાદલસિંહ મેજરસિંગ મજલીશીખે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા હાર્વેસ્ટ મશીન પૂલ નીચે પડી પલટી ખાઈ ગયુ હતું.

અકસ્માતની આ ઘટનામાં મશીનના ચાલક બાદલસિંહ તેમજ હેલ્પરો જશપાલસિંહ રાજારામ વાલ્મિકી અને મંગા સિંગ સેવકસિંહ મશીન હેઠળ દબાઈ જતા ત્રણેયના મોત નીપજ્યા હતા.

આ ઘટનાના પગલે લોકો એકઠા થઈ ગયા હતા અને પોલીસને જાણ કરતાં વરતેજ પોલીસ કાફલો બનાવ સ્થળે દોડી ગયો હતો અને બુધેલથી ક્રેઈન મંગાવી ત્રણેયના મૃતદેહને બહાર કાઢી ભાવનગર હોસ્પિટલ ખસેડ્યા હતા. આ બનાવવા અંગે હાર્વેસ્ટ મશીનના માલિક નૂરમહંમદભાઈ જમાલભાઈ બીલખીયાએ વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## શહીદોને પુષ્પાંજલી અર્પતા મ્યુ. પદાધિકારીઓ, રાજકીય આગેવાનો




તસવીર : મૌલીક સોની

આજે ૨૩ માર્ચ શહીદ દિવસ નિમિત્તે શહેરના હલુરીયા ચોક ખાતે આવેલ શહીદ સ્મારક ખાતે શહીદોને પુષ્પાંજલી અપાઈ હતી. ભાવનગર મહાપાલિકાના મેયર સહિતના પદાધિકારીઓ તથા ભાવનગર શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો, આગેવાનો, કાર્યકર્તાઓએ સમુહમાં પુષ્પાંજલી અર્પી શહીદ વંદના કરી હતી.

## હઝરત મામનશાપીરનો ઉર્ષ શરીફ ઉજવાશે

શહેરના નારી રોડ, આદમજીનગરની પાછળ આવેલા હઝરત રોશન ઝમીર સૈયદ મામનશાવલી કાદરીનો બે દિવસીય ઉર્ષ શરીફ ઉજવવામાં આવશે. તા.૨૪ને રવિવારે રાત્રે ૧૧ કલાકે દરગાહ શરીફમાં સંદલ શરીફ, ચાદર શરીફ, સલાતો સલામ, સામુહીક દુવાઓ તેમજ સોમવારે સાંજે મગરીબની નમાઝબાદ ન્યાઝ શરીફ સહિતના કાર્યક્રમો યોજાશે.

## મહિલાઓ માટે સિવણ વર્ગ

ભાવનગર,

ભાવનગર નવજવાન સંચાલીત શેઠ વી. સી. લોઢાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલ અને પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિકિલનિક ભાવનગર દ્વારા સિવણ વર્ગનું આયોજન કરાયું છે.

મોંઘવારીના કપરા સમયમાં સામાન્ય વ્યકિતને પોતાના ઘરનું ભરણપોષણ કરવામાં ઘણી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આવા સંજોગોને ધ્યાનમાં લઈને સંસ્થા દ્વારા બહેનોને પગભર કરવા માટે સિવણની તાલીમ મળી રહે તો પોતાના ઘરનું વ્યવસ્થિત રીતે ભરણપોષણ કરી શકે એવા હેતુથી સંસ્થામાં સિવણ શરુ કરવામાં આવેલ છે. આ સિવણ વર્ગમાં હવે ફકત જુજ સંખ્યા બાકી હોવાથી વહેલો તે પહેલાને ધોરણે લેવાના હોવાથી આ તાલીમ વર્ગમાં જોડાંવા ઈચ્છતા બહેનોને સંસ્થામાં રુબરુ આવી જરુરી માહિતી તથા ફોર્મ મેળવી લેવાના રહેશે.

## ચિન્મય મિશન ભાવનગરમાં આધ્યાત્મિક કાર્યક્રમ યોજાશે

ચિન્મય મિશન ભાવનગરના આચાર્ય સ્વામી સમાત્માનંદ સરસ્વતી સન્યાસ દિક્ષા મેળવી છે. સાધકના જીવનના આ શ્રેષ્ઠ અવસરને સન્માનવા મિશન પરિવાર દ્વારા આધ્યાત્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે આવતીકાલે તારીખ ૨૪ માર્ચ ૨૦૨૪ને રવિવારે સવારે ૧૦થી ૧૧.૩૦ વાગ્યા દરમિયાન ચિન્મય ભાવાશ્રમ,અયોધ્યાનગરી સામે, કાળીયાબીડ, ભાવનગર ખાતે યોજાશે.

## જાહેર નોટીસ

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર**

અરજી નં. ૩૧/૨૦૨૪
મુ.તા.૨૬/૧૨/૨૦૦૬

**શ્રી બુધેશભાઈ ધરમશીભાઈ મકવાણા,**
રહે. રામાપીર મંદિર સામે, રામનગર, નારી, ભાવનગર ......અરજદાર

**... વિરૂધ્ધ ...**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ભાવનગર મહાનગરપાલીકા કચેરી, ભાવનગર ......સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધ કરવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી બુધેશભાઈ ધરમશીભાઈ મકવાણા, રહે. રામાપીર મંદિર સામે, રામનગર, નારી, ભાવનગર એ તેમના માતા આશાબેન ધરમશીભાઈ મકવાણાનું મૃત્યુ તા.૨૬-૧૨-૨૦૦૬ ના રોજ નારી, ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળાએ આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે, જાતે અગર તેમાન વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તા.૧૯ મી માર્ચ-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ભાવનગર

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ભાવનગર

TRIBHOVAN

## જાહેર નોટીસ

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર**

અરજી નં. ૧૯/૨૦૨૪
મુ.તા.૨૮/૧/૧૯૯૬

**શ્રી શાંતુબેન ડાયાભાઈ વઘાસીયા,**
રહે. અખાડાની સામે, નવાપરા, નારી, ભાવનગર ......અરજદાર

**... વિરૂધ્ધ ...**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ભાવનગર મહાનગરપાલીકા કચેરી, ભાવનગર ......સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધ કરવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શાંતુબેન ડાયાભાઈ વઘાસીયા, રહે. અખાડાની સામે, નવાપરા, નારી, ભાવનગર એ તેમના પતી ડાયાભાઈ મોહનભાઈ વઘાસીયાનું મૃત્યુ તા.૨૮-૧-૧૯૯૬ ના રોજ નારી, ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળાએ આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે, જાતે અગર તેમાન વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તા.૧૯ મી માર્ચ-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ભાવનગર

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ભાવનગર

TRIBHOVAN

# અરવિંદે ક્યારેય મારી વાત સાંભળી નથી : અણ્ણા હજારે

નવીદિલ્હી,
દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા ૨૧ માર્ચ, ગુરુવારે દિલ્હીના કથિત શરાબ કૌભાંડમાં ધરપકડ કરવામાં આવી હતી, ત્યારબાદ આમ આદમી પાર્ટીના તમામ નેતાઓમાં ગુસ્સાનું વાતાવરણ છે. કેજરીવાલની ધરપકડ બાદ સમાજસેવક અણ્ણા હજારેએ પ્રતિક્રિયા આપી છે. કેજરીવાલની ધરપકડ પર ટિપ્પણી કરતા તેમણે કહ્યું કે એક સમયે અમે બંને દારૂ જેવા ભ્રષ્ટાચાર સામે એક સાથે ઉભા હતા અને આજે તે પોતે જ દારૂ બનાવી રહ્યા છે.

અણ્ણા હજારેએ કહ્યું કે મેં કેજરીવાલને દારૂની નીતિ બંધ કરવા માટે ઘણી વખત પત્ર લખ્યા છે, દારૂની નીતિ પર પત્ર લખવાનો મારો હેતુ અન્યાયનો અંત લાવવાનો હતો. દારૂના કારણે લોકોની હત્યાના કિસ્સા વધે છે અને મહિલાઓ પર અત્યાચાર થાય છે, આ કારણે મેં દારૂની નીતિ બંધ કરવાની વાત કરી હતી, પરંતુ અરવિંદ મારા ધ્યાનમાં ન આવ્યો અને તેણે દારૂની નીતિ શરૂ કરી. આખરે આ જ દારૂની નીતિને કારણે તેની



ધરપકડ કરવામાં આવી હતી.


તેમણે વધુમાં કહ્યું કે હવે અરવિંદ કેજરીવાલ અને દિલ્હી સરકાર એ વાત પર ધ્યાન આપશે કે જેમણે ભૂલો કરી છે તેમને સજા મળવી જોઈએ.

નવેમ્બર ૨૦૨૧માં દિલ્હી સરકારે દારૂની નીતિ જાહેર કરી હતી, આ નીતિ હેઠળ દિલ્હીમાં ૨૧ ઝોન બનાવવામાં આવ્યા હતા અને દરેક ઝોનમાં ૨૭ દુકાનો ખોલવાની યોજના હતી, પરંતુ ટૂંક સમયમાં જ આ નીતિનો વિરોધ શરૂ થયો હતો. જુલાઈ ૨૦૨૨ માં, દિલ્હીના મુખ્ય સચિવે આ નવી નીતિ વિરુદ્ધ અનિયમિતતાઓ વિશે માહિતી આપી, ત્યારબાદ આ મામલાની તપાસ શરૂ થઈ અને સપ્ટેમ્બર ૨૦૨૨ થી આ કેસમાં ધરપકડ શરૂ થઈ.

સીબીઆઈએ સપ્ટેમ્બર ૨૦૨૨માં આમ આદમી પાર્ટીના કોમ્યુનિકેશન ચીફ અને લિકર પોલિસી વિજય નાયરની ધરપકડ કરી હતી. નાયર કેજરીવાલની ખૂબ નજીક હોવાનું કહેવાય છે. ત્યારપછી આ કેસમાં કુલ ૧૬ નેતાઓની ધરપકડ કરવામાં આવી છે. કેજરીવાલ પહેલા દિલ્હીના તત્કાલિન નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા, રાજ્યસભા સાંસદ સંજય સિંહ અને પૂર્વ મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવની પુત્રી કે કવિતાની આ કેસમાં ધરપકડ થઈ ચૂકી છે. આ કેસમાં છઠ્ઠના રાજ્યસભા સાંસદ સંજય સિંહ પણ જેલમાં છે.

# ભારતનો ઉદય એ વૈશ્વિક શાંતિ અને સૌહાર્દની ખાતરી છે: ઉપરાષ્ટ્રપતિ ધનખરે

નવીદિલ્હી,
ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે જણાવ્યું હતું કે, અર્થતંત્ર અને ટેક્નોલોજીમાં ભારતનો ઉદય વિશ્વ શાંતિ, સંવાદિતા અને વૈશ્વિક વ્યવસ્થા માટે સૌથી મોટી ખાતરી સાથે છે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, ભારત વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સંવાદિતા જાળવવા અને તેને જાળવવા સમાન વિચારધારા ધરાવતાં દેશોને સામેલ કરવા કટિબદ્ધ છે. આ ટિપ્પણીઓ ઉપ-રાષ્ટ્રપતિ નિવાસમાં ઉદ્‌ઘાટન આંતરરાષ્ટ્રીય વ્યૂહાત્મક જોડાણ



કાર્યક્રમ (ઇન-સ્ટેપ)ના સહભાગીઓ સાથે વાતચીત દરમિયાન કરી હતી. ૨૧ દેશોના આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ અને ૮ ભારતીય અધિકારીઓને સમાવતા આ બે અઠવાડિયાના કાર્યક્રમનું આયોજન નેશનલ ડિફેન્સ કોલેજ દ્વારા કરવામાં આવ્યું છે.

પોતાનાં સંબોધનમાં ધનખરે જણાવ્યું હતું કે, ભારત હવે એવી કોઈ ક્ષમતા ધરાવતો દેશ નથી રહ્યો કે કેટલાક લોકોએ સૂચવ્યું છે તેમ નિદ્રાધીન મહાકાય દેશ રહ્યો નથી. તે વધી રહ્યું છે અને ઉદય અટકાવી શકાય તેમ નથી. તેમણે ઉમેર્યું હતું કે, ભારતની અસાધારણ વિકાસગાથા સંશયવાદીઓથી પર છે, જે દીર્ઘદષ્ટા નેતૃત્વ, સર્વસમાવેશક વિકાસ અને અવિરત ખંતનું ઉદાહરણ પૂરું પાડે છે.

# કેજરીવાલ જેલમાંથી સરકાર ચલાવશે : આતિશી

નવીદિલ્હી,
દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરવામાં આવી છે. ગુરુવારે બે કલાકની પૂછપરછ બાદ ઈડીએ તેની ધરપકડ કરી હતી. દિલ્હીના કથિત દારૂ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં સીએમ કેજરીવાલની ધરપકડ કરવામાં આવી છે. અરવિંદ કેજરીવાલની પદ પર રહેતા ધરપકડ કરવામાં આવી હોય. તેમની પહેલાં, તે જ વર્ષે, ઝારખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હેમંત સોરેનની પણ ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ તેમની ધરપકડ પહેલા તેમણે રાજીનામું આપી દીધું હતું. આમ આદમી પાર્ટીએ સીએમ કેજરીવાલની ધરપકડને 'રાજકીય કાવતરું' ગણાવ્યું છે. તમામ વિરોધ પક્ષોએ પણ તેને ખોટું ગણાવ્યું છે. જોકે દિલ્હી સરકારના મંત્રી આતિશીએ કહ્યું કે અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી હતા, છે અને રહેશે. આતિશીએ કહ્યું, 'અમે પહેલા જ કહ્યું છે કે જો જરૂર પડશે તો કેજરીવાલ જેલમાંથી સરકાર ચલાવશે. તેઓ જેલમાંથી સરકાર ચલાવી શકે છે અને કોઈ નિયમ તેમને આમ કરતા રોકી શકે નહીં. તેમને દોષિત ઠેરવવામાં આવ્યા નથી, તેથી તેઓ દિલ્હીના મુખ્ય પ્રધાન રહેશે.

# સદીના અંત સુધીમાં ગરમીથી ૧.૧૫ કરોડ લોકોના મોતનો ભય

વોશિંગ્ટન,
દુનિયાભરમાં કાર્બન ઉત્સર્જનના સ્તરમાં વૃદ્ધિથી જલવાયુમાં પરિવર્તન આવી રહ્યું છે. એક અધ્યયન અનુસાર જીવાશ્મ ઈંધણના ઉત્સર્જનથી સદીના અંત સુધીમાં અત્યધીક ગરમીથી ૧.૧૫ કરોડ લોકોના મોત થઈ જશે. આ દાવો અમેરિકાની પર્યાવરણ સંસ્થા ગ્લોબલ વિટનેસ અને કોલંબિયા વિશ્વ વિદ્યાલયના વૈજ્ઞાનિકોએ કર્યો છે.તેમના અનુસાર દુનિયાની મુખ્ય જીવાશ્મ ઈંધણ કંપનીઓ દ્વારા તેલ અને ગેસનું અપર્યાપ્ત માત્રામાં ઉત્સર્જન કરવામાં આવી રહ્યું છે.જો ૨૦૫૦ સુધી ઉત્સર્જનનું સ્તર ન ઘટ્યું તો ૨૧૦૦ સુધીમાં ગરમી પોતાના ઘાતક સ્વરૂપે પહોંચી જશે. જેથી લાખો લોકોના જીવનો ખતરો છે.



સંશોધકોના અનુસાર જીવાશ્મ ઈંધણના ઉત્સર્જનથી ગરમીના સ્તરમાં ૦.૧ ડીગ્રી સેલ્સીયસનો વધારો ખતરનાક રહેશે. કોલંબીયા વિવિના કાર્બન મોડેલથી બહાર આવ્યું કે પ્રત્યેક મિલિયન ટન કાર્બનમાં વધારાથી દુનિયાભરમાં ૨૨૬થી વધુ હીટવેવની ઘટનાઓ બનશે. જીવાશ્મ ઈંધણથી કાર્બન ઉત્સર્જનના મામલામાં હાલમાં ચીન સૌથી ઉપર છે. તે કુલ ઉત્સર્જનના ૩૧ ટકા માટે જવાબદાર છે. ત્યારબાદ અમેરિકા ૨૬ ટકા અને રશિયા ૨૩ ટકા માટે જવાબદાર છે. યુરોપીય દેશોમાં સ્થાપિત તેલ કંપનીઓથી કાર્બન ઉત્સર્જન થઈ રહ્યું છે એથી ઉત્પાદીત જીવાશ્મ ઈંધણથી ૨૦૫૦ સુધી વાયુમંડળમાં ૫૧ અબજ ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જન વધી જશે. જ્યારે શુદ્ધ શૂન્ય લક્ષ્યની પ્રાપ્તિ બાદ પણ ૫૫ લાખ લોકોમાં જીવ જશે.

હીટવેવ કે ગરમીની સૌથી વધુ અસર ગરીબ અને નબળા લોકો પર થશે. બેઘર લોકો, બહાર કામ કરતા લોકો અને વૃદ્ધોને વધુ મુશ્કેલી પડી શકે છે. આ બારામાં પર્યાવરણ અર્થશાસ્ત્રી શોરો દાસ ગુપ્તા કહે છે. આ પરીસ્થિતિમાં શ્રમ સુરક્ષા જાતિ પર ધ્યાન આપવાની જરૂર છે.

# અલગતાવાદી નેતા શબ્બીરની પુત્રી સમાએ તેમની સાથે સંબંધો તોડી નાખ્યા

શ્રીનગર,
કાશ્મીર હવે બદલાઈ રહ્યું છે. અલગતાવાદી નેતા શબ્બીર અહેમદ શાહની પુત્રી સમા શબ્બીરે તેમની સાથે સંબંધો તોડી નાખ્યા છે. પુત્રી સમા શબ્બીરે તેના પિતાની ડેમોક્રેટિક ફ્રીડમ પાર્ટી સાથેના સંબંધો તોડી નાખ્યા અને કહ્યું કે હું ભારતની સાથે છું. આ અંગેની જાહેરાત કરતા સમા શબ્બીરે અખબારમાં એક જાહેરાત પણ આપી છે. હાલ શબ્બીર અહેમદ શાહ તિહાર જેલમાં બંધ છે. તેની સામે મની લોન્ડરિંગ અને ટેરર ફંડિંગના કેસ ચાલી રહ્યા છે. ૨૩ વર્ષની સમા શબ્બીરે કાશ્મીરમાં સીબીએસઈ બોર્ડની પરીક્ષામાં ટોપ કર્યું હતું. જાહેરાતમાં તેણે પોતાને એક વફાદાર અને ગૌરવપૂર્ણ ભારતીય નાગરિક ગણાવ્યો છે.

સમા શબ્બીરે લખ્યું છે કે, 'હું ભારતની વફાદાર અને ગૌરવપૂર્ણ નાગરિક છું. હું એવી કોઈ વ્યક્તિ કે સંસ્થા સાથે નથી જે ભારતના સાર્વભૌમત્વની વિરુદ્ધ હોય. સમા શબ્બીર શબ્બીર અહેમદ શાહની મોટી પુત્રી છે, જેઓ ટેરર ફંડિંગ કેસનો સામનો કરી રહ્યા છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે હું ડેમોક્રેટિક ફ્રીડમ પાર્ટી કે તેની વિચારધારા સાથે કોઈપણ રીતે જોડાયેલ નથી.

# સીબીઆઈએ વિશાખાપટ્ટનમમાં કરોડો રૂપિયાનું ૨૫ હજાર કિલો ડ્રગ્સ કર્યું જપ્ત

વિશાખાપટ્ટનમ,
સીબીઆઈએ ઇન્ટરપોલથી મળેલી માહિતીને આધારે આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમ પોર્ટ પર એક જહાજમાંથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું છે તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર કન્ટેનર વિશાખાપટ્ટનમાં ડિલિવરી કરવા માટે સેન્ટોસ પોર્ટ, બ્રાઝિલમાંથી બુક કરવામાં આવ્યું હતું. આ કન્ટેનર વિશાખાપટ્ટનમ સ્થિત ખાનગી કંપનીના નામે બુક કરવામાં આવ્યું હતું.

અધિકારીઓએ જહાજમાંથી ૨૫ કિલોગ્રામની એક એવી ૧૦૦૦ બેગ જપ્ત કરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ બેગમાં સૂકા ખમીરની સાથે કોકેઇન ભેળવવામાં આવ્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે.બેગમાં માદક પદાર્થોના કુલ જથ્થો કેટલો છે



તેની તપાસ ચાલી રહી છે. ઓપરેશન ગરુડા હેઠળ ઇન્ટરપોલે આપેલી માહિતીને આધારે સીબીઆઇએ કસ્ટમ અધિકારીઓની મદદ લઇને ડ્રગ્સનો મોટો જથ્થો જપ્ત કર્યો છે.

સીબીઆઇ પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે આખો કન્સાઇનમેન્ટ જપ્ત કરી લેવામાં આવ્યો છે તથા એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

# બાબાએ નાગપુરથી નિતિન ગડકરીના પૂરક ઉમેદવાર તરીકે નોંધાવી ઉમેદવારી

## અત્યાર સુધીમાં ૫૩ ચૂંટણી લડી ચૂક્યા છે

નાગપુર,
લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત થઈ ગઈ છે. આ દરમિયાન નાગપુરમાં એક રસપ્રદ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જે ચર્ચામાં છે. નાગપુર લોકસભા માટે અત્યાર સુધીમાં એક ઉમેદવારી નોંધાવવામાં આવી છે અને તે ઉમેદવાર વેંકટેશ્વર મહાસ્વામી છે. વેંકટેશ્વરે પોતાને નીતિન ગડકરીના પૂરક ઉમેદવાર ગણાવતા ઉમેદવારી નોંધાવી છે. મહારાજ કહે છે કે તેઓ નીતિન ગડકરીના પ્રશંસક છે. તે મૂળ કર્ણાટકનો છે અને હાલ મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં રહે છે. વેંકટેશ્વરે કહ્યું કે તેઓ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના સમર્થક અને પ્રશંસક છે. તેઓ ક્યારેય નીતિન ગડકરીને મળ્યા નથી, ન તો તેઓ ભાજપના કોઈ નેતાને મળ્યા છે. તેમણે ભાજપ સાથે કોઈપણ પ્રકારના જોડાણનો પણ ઈન્કાર કર્યો છે. વેંકટેશ્વર સ્વામીનું સાચું નામ દીપક ગંગારામ કોટકધોંડા છે અને તેઓ અત્યાર સુધીમાં ૫૨ ચૂંટણી લડી ચૂક્યા છે.

# સુપ્રીમે તમિલનાડુના રાજ્યપાલ પર કડક બની શપથ ન લેવા માટે પોનમુડીને ફટકાર લગાવી

નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે તમિલનાડુના ધારાસભ્ય પોનમુડીના મંત્રી તરીકે શપથ લેવાનો ઈનકાર કરવા બદલ અપવાદ લીધો હતો અને રાજ્યના રાજ્યપાલ પર ભારે આકરા પ્રહારો કર્યા હતા. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે કેન્દ્રના ટોચના કાયદા અધિકારી એટર્ની જનરલ આર. વેંકટરામાણીને કહ્યું, 'તમારા રાજ્યપાલ શું કરી રહ્યા છે? સુપ્રીમ કોર્ટે એક મંત્રીની સજા પર રોક લગાવી છે અને રાજ્યપાલ કહે છે કે 'હું તેમને શપથ નહીં અપાવીશ.' તમે રાજ્યપાલને કહો કે હવે અમારે



થોડી ટિપ્પણી કરવી પડશે. મહેરબાની કરીને રાજ્યપાલને જણાવો કે અમે આ અંગે ખૂબ જ ગંભીરતાથી વિચાર કરીશું.

સુપ્રીમ કોર્ટની આ બેંચમાં જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રા પણ સામેલ હતા. ખંડપીઠે કહ્યું, 'સુપ્રીમ કોર્ટે દોષિત ઠેરવવા પર રોક લગાવ્યા પછી રાજ્યપાલ કેવી રીતે કહી શકે કે તેમનું કેબિનેટમાં ફરી જોડાવવું બંધારણીય નૈતિકતા વિરુદ્ધ છે? અમે રાજ્યપાલને આવતીકાલ સુધીનો સમય આપીએ છીએ.એટર્ની જનરલ, જો અમને આવતીકાલે તમારો સકારાત્મક જવાબ નહીં મળે, તો અમે રાજ્યપાલને બંધારણ અનુસાર કાર્ય કરવાનો આદેશ આપતો આદેશ પસાર કરીશું. અમે રાજ્યપાલને બંધારણીય સ્થિતિ સુધારવાની તક આપીને તે સ્થિતિને ટાળવા માંગીએ છીએ.

# મને ભોજનમાં સ્લો પોઈઝન અપાઇ છે : મુખ્તાર અંસારી

લખનૌ,
ઉત્તર પ્રદેશનો શક્તિશાળી માફિયા મુખ્તાર અંસારી આ દિવસોમાં જેલની સજા ભોગવી રહ્યો છે. પરંતુ મુખ્તાર અંસારીએ ફરી એકવાર તેમની હત્યાનો ભય વ્યક્ત કર્યો છે. આ મામલે મુખ્તાર અંસારીએ કોર્ટમાં અરજી કરી હતી. મુખ્તારે પોતાના વકીલ દ્વારા કોર્ટમાં આ અરજી આપી હતી, જેમાં મુખ્તાર અંસારીએ આરોપ લગાવ્યો હતો કે તેને તેના ભોજનમાં સ્લો પોઈઝન આપવામાં આવી રહ્યું છે. મુખ્તાર અંસારીએ આરોપ લગાવ્યો હતો કે ૧૯ માર્ચની રાત્રે તેના ખોરાકમાં ઝેરી પદાર્થ આપવામાં આવ્યો હતો, એવું લાગે છે કે તે મરી જશે. હું ખૂબ જ નર્વસ અનુભવું છું.

મુખ્તાર અંસારીએ મુખ્ય ગૃહ સચિવ અમિતાભ યશ પર ષડયંત્રનો આરોપ લગાવ્યો હતો. મુખ્તારના વકીલે મુખ્તાર અંસારીને સુરક્ષા અને યોગ્ય સારવારની માંગ કરી છે. તમને જણાવી દઈએ કે મુખ્તાર અંસારીને ગુરૂવારે વીડિયો કોલિંગ દ્વારા ગેંગસ્ટર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ અંગે મુખ્તાર અંસારીએ તેમના વકીલ મારફત કોર્ટમાં કરેલી અરજીમાં લખવામાં આવ્યું છે કે અરજદાર જાહેર સેવક અને રાજકીય વ્યક્તિ છે.

# શિકાગોથી રામ મંદિર રથયાત્રા : ૬૦ દિવસમાં ૪૮ રાજ્યોના ૮૫૧ મંદિરોના દર્શન થશે

નવીદલ્હી,
અમેરિકાના શિકાગોથી રામ મંદિર રથયાત્રા શરૂ થશે. આ યાત્રા આગામી ૬૦ દિવસમાં આઠ હજાર માઈલથી વધુનું અંતર કાપશે અને ૪૮ રાજ્યોમાં ૮૫૧ મંદિરોની મુલાકાત લેશે. રથયાત્રાનું આયોજન કરનાર વિશ્વ હિન્દુ પરિષદના અમેરિકાના મહાસચિવ અમિતાભ મિત્તલે જણાવ્યું કે ટોયોટા સિએના વાન પર બનેલા રથમાં ભગવાન રામ, દેવી સીતા, લક્ષ્મણ અને હનુમાનની મૂર્તિઓ હશે. અયોધ્યાના રામ મંદિરમાંથી વિશેષ પ્રસાદ અને પવિત્ર અક્ષતનો કલશ તેમની સાથે લઈ જવામાં આવશે.

રથયાત્રા ૨૫ માર્ચે અમેરિકાના શિકાગોથી શરૂ થશે અને લગભગ આઠ હજાર માઈલનું અંતર



કાપશે. યાત્રા દરમિયાન અમેરિકાના ૮૫૧ મંદિરો અને કેનેડાના ૧૫૦ મંદિરોના દર્શન કરવામાં આવશે. કેનેડામાં યોજાનારી રથયાત્રાનું આયોજન કેનેડાની વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કરવામાં આવ્યું છે. હિન્દુ ટેમ્પલ એમ્પાવરમેન્ટ કાઉન્સિલના તેજલ શાહે જણાવ્યું હતું કે, "આ રથયાત્રાનો ઉદ્દેશ્ય લોકોને હિંદુ ધર્મ વિશે જાગૃત, શિક્ષિત અને સશક્તિકરણ કરવાનો છે. આ યાત્રા તમામ હિન્દુઓને એક થવાની તક આપી રહી છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "આપણા અને આપણી ભાવિ પેઢીઓ માટે જાગૃતિ લાવવા અને સમગ્ર વિશ્વમાં હિંદુ ધર્મનો ફેલાવો કરવાના અભિયાનમાં એક થવું ખૂબ જ મહત્વપૂર્ણ છે." વિશ્વ હિન્દુ પરિષદ ઓફ અમેરિકાના મહાસચિવ અમિતાભ મિત્તલે કહ્યું કે વીએચપીએ દ્વારા આ યાત્રાના આયોજન અને આયોજનમાં મદદ કરવા માટે ઘણા લોકો આગળ આવ્યા છે. અમેરિકામાં પહેલીવાર હિન્દુ સમુદાય દ્વારા આવી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

# મુસ્લિમોએ કેજરીવાલના સમર્થનમાં વિરોધથી દૂર રહેવું જોઈએ : મૌલાના મુફતી શહાબુદ્દીન

નવીદિલ્હી,
દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડને લઈને થઈ રહેલા વિરોધ પ્રદર્શનને લઈને ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષનું નિવેદન સામે આવ્યું છે. મૌલાના મુફતી શહાબુદ્દીન રઝવી બરેલવીએ મુસ્લિમોને વિરોધ પ્રદર્શનથી દૂર રહેવા કહ્યું છે. તેમણે કહ્યું કે કેજરીવાલ માટે કેપ પહેરીને વિરોધ પ્રદર્શનમાં કેટલાક મુસ્લિમો પણ ભાગ લઈ રહ્યા છે. હું તમામને આવા કાર્યક્રમોથી અંતર રાખવા અપીલ કરું છું. મૌલાનાએ કહ્યું કે ઈસ્લામ ધર્મે દારૂને હરામ અને ગેરકાયદેસર જાહેર કર્યો છે. ઈસ્લામ તેના અનુયાયીઓને દારૂ પીવા કે ખરીદવાની પરવાનગી આપતું નથી. જો કોઈ મુસ્લિમ અરવિંદ કેજરીવાલના સમર્થનમાં વિરોધ પ્રદર્શનમાં ભાગ લેશે, તો તે ગેરકાયદેસર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપનારાઓમાંનો એક ગણવામાં આવશે. આમાં ભાગ લેનાર કોઈપણ મુસ્લિમ શરિયતની નજરમાં ગુનેગાર હશે. તેથી આવા વિરોધ પ્રદર્શનથી દૂર રહો. ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષે કહ્યું કે આ રમઝાન મહિનો ચાલી રહ્યો છે.

# પાકિસ્તાન અને તાલિબાન વચ્ચે તણાવ

## તહરીક-એ-તાલિબાન સંગઠન જ બંને દેશો વચ્ચે વધેલા તણાવનું કારણ

કાબુલ,
ઓગસ્ટ ૨૦૨૧માં જ્યારે તાલિબાને અફઘાનિસ્તાનમાં સત્તા સંભાળી ત્યારે ઈસ્લામાબાદ દ્વારા તેનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રારંભિક તબક્કામાં, પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાનમાં ઘણા પ્રતિનિધિમંડળ મોકલવામાં આવ્યા હતા, કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાની સેનાના અધિકારીઓએ તાલિબાનની ગુપ્તચર બેઠકોમાં પણ ભાગ લીધો હતો. જ્યારે બહારથી બે પડોશી મુસ્લિમ દેશોનો આ પ્રેમ દેખાતો હતો, ત્યારે પાકિસ્તાનના આ પ્રેમ પાછળ એક મોટો અર્થ હતો. પાકિસ્તાનને આશા હતી કે તાલિબાન તેની ધરતી પર આતંકવાદ ફેલાવતા સંગઠન તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP)ને કાબૂમાં લેવામાં મદદ કરશે. પાકિસ્તાનનું માનવું હતું કે તાલિબાન સાથેની મિત્રતા અફઘાનિસ્તાનની ધરતીને પાકિસ્તાન વિરુદ્ધ ઉપયોગમાં લેવાથી બચાવશે. પરંતુ તાલિબાન સત્તામાં આવ્યા બાદ ટીટીપી મજબૂત બની ત્યારે પાકિસ્તાનના સપના ધૂળધાણી થઈ ગયા. આ તહરીક-એ-તાલિબાન સંગઠન જ બંને દેશો વચ્ચે તાજેતરમાં વધેલા તણાવનું કારણ છે.

બંને દેશ આજે યુદ્ધની અણી પર ઉભા છે. ૨૦૦૧ માં, જ્યારે ૯/૧૧ પછી અમેરિકન આક્રમણ દ્વારા અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારને ઉથલાવી દેવામાં આવી, ત્યારે તાલિબાનના ટોચના નેતૃત્વએ પાકિસ્તાનમાં આશ્રય લીધો અને આજે તે જ તાલિબાન પર પાકિસ્તાનના દુશ્મનોને આશ્રય આપવાનો આરોપ છે. સરહદ પર તણાવ છે અને આ તણાવ ક્યારે યુદ્ધમાં પરિવર્તિત થશે તે જાણી શકાયું નથી, પરંતુ હવે સવાલો એ છે કે જો યુદ્ધ થશે તો ઉપર કોનો હાથ રહેશે, તાલિબાન પાસે કઈ શક્તિ છે જેની મદદથી તે પાકિસ્તાન જેવી શક્તિશાળી સેનાને ધમકી આપી રહ્યું છે, તાજેતરના તણાવનું કારણ શું છે? ચાલો આ પ્રશ્નોના જવાબો શોધવાનો પ્રયાસ કરીએ. ૧૬ માર્ચના રોજ, એક આત્મઘાતી બોમ્બરે ઉત્તર વઝીરિસ્તાનમાં પાકિસ્તાની સૈન્ય ચોકી પર વિસ્ફોટકોથી ભરેલી ટ્રકને ઉડાવી દીધી હતી, જેમાં સાત સૈનિકો માર્યા ગયા હતા. પાકિસ્તાને આ હુમલા માટે ટીટીપીને જવાબદાર ગણાવી હતી. જવાબી કાર્યવાહીમાં, પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં ઘૂસીને હવાઈ હુમલા કર્યા, જેના પછી તાલિબાને આકરી પ્રતિક્રિયા આપી અને આ હુમલાઓને દેશના સાર્વભૌમત્વ માટે ખતરો ગણાવ્યા. તેના જવાબમાં તાલિબાને પાકિસ્તાન સરહદ પર અનેક ગોળીબાર કર્યા, જેમાં એક સૈનિકના મોતના પણ સમાચાર છે. સ્થિતિ હજુ પણ તંગ છે અને તણાવનું કારણ TTP છે, આગળ વધતા પહેલા ચાલો જાણીએ કે આ TTP કોણ છે.

# આગામી ચાર-પાંચ મહિનામાં શાહબાઝ શરીફની સરકાર પડી જશે : ઈમરાન ખાન

પાકિસ્તાન,
પાકિસ્તાનમાં આ મહિને નવી સરકારની રચના થઈ છે. પાકિસ્તાન મુસ્લિમ લીગ (ન)ના શહેબાઝ શરીફે પાકિસ્તાનના વડા પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો. સરકાર બન્યાને એક મહિનો પણ નથી થયો પરંતુ બજારોમાં એવું વાતાવરણ ગરમાઈ રહ્યું છે કે સરકાર ટૂંક સમયમાં પડી શકે છે. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના વડા અને પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન પાકિસ્તાનમાં સરકારના પતનને લઈને ઘણા



આત્મવિશ્વાસમાં દેખાઈ રહ્યા છે. આ સિવાય તેણે જેલમાંથી છૂટવાની વાત પણ કરી છે.

તાજેતરમાં જ ઈમરાન ખાને કહ્યું હતું કે પાકિસ્તાનની વર્તમાન સરકાર ચાર-પાંચ મહિનાથી વધુ સત્તામાં નહીં રહે. તેમણે એમ પણ કહ્યું હતું કે વર્તમાન સરકારના પતન પછી તેઓ ટૂંક સમયમાં અદિયાલા જેલમાંથી બહાર આવશે. અદિયાલા જેલમાં યુરો ૧૯૦ મિલિયન ભ્રષ્ટાચારના કેસની સુનાવણી બાદ પત્રકારો સાથે વાત કરતા ખાને દાવો કર્યો હતો કે તેમના કેસમાં નિર્ણય થઈ ચૂક્યો છે. તેમજ આ કાર્યવાહીને માત્ર ઔપચારિકતા તરીકે વર્ણવવામાં આવી હતી.

# ભગવાન આદિનાથના જયઘોષ સાથે શેત્રુંજય મહાતિર્થની છ'ગાઉ યાત્રા કરતા હજ્જારો ભાવિકો



તસવીર : અંકુર મહેતા

ભાવનગર, તા.૨૩

જૈન તિર્થ નગરી પાલિતાણામાં શેત્રુંજય ડુંગરની વર્ષમાં એક જ વખત ફાગણ સુદ-૧૩ના દિવસે થતી છ'ગાઉ યાત્રા માટે આજે હજ્જારોની સંખ્યામાં યાત્રીકો ઉમટી પડ્યા હતા અને વહેલી સવારથી જ જય તળેટીએ વંદના કરી ભક્તિ-ભાવભેર મહિમાવંતી છ'ગાઉ યાત્રાનો પ્રારંભ કર્યો હતો. ઉનાળાની ગરમી અને ધોમધખતા તાપ છતાં બાળકો, વૃદ્ધો સહિતના યાત્રીકો મોટી સંખ્યામાં શેત્રુંજયની યાત્રા માટે પાલિતાણામાં ઉમટી પડ્યા હતાં અને સવાર પડતા જ ભગવાન આદિનાથના જયઘોષ સાથે યાત્રાનો પ્રારંભ કર્યો હતો.

છ'ગાઉ યાત્રા માટે ગઈકાલ બપોર બાદથી જ પાલિતાણામાં યાત્રીકોનો મોટો પ્રવાહ ઉમટ્યો હતો અને દરેક નાની-મોટી ધર્મશાળાઓ હાઉસફુલ થઈ ગઈ હતી. તો ઘણાખરા યાત્રીકોએ વહેલી સવારે જ પાલિતાણા પહોંચ્યા બાદ તુરંત જ છ'ગાઉ યાત્રાનો પ્રારંભ કર્યો હતો. સંપૂર્ણ વિધિ-વિધાન સાથે વર્ષમાં એક જ વખત છ'ગાઉ યાત્રા થતી હોય છે. જૈન શાસ્ત્રમાં આ દિવસનું અનેરૂ મહત્વ લખાયેલું છે ત્યારે સમગ્ર ગુજરાત અને મુંબઈ, મહારાષ્ટ્ર ઉપરાંત અન્ય રાજયો અને વિદેશમાંથી પણ જૈન યાત્રીકો છ'ગાઉ યાત્રા માટે ઉમટી પડે છે. અગાઉના વર્ષોમાં યાત્રીકોની પાલભક્તિમાં દહીં અને ઢેબરાની વ્યવસ્થા રહેતી આથી ફાગણ સુદ-૧૩ની યાત્રાને ઢેબરીયો મેળો તરીકે પણ ઓળખવામાં આવે છે. પરંપરા મુજબ છ'ગાઉ યાત્રા કરીને આદપર ઘેટી ખાતે ઉતરતા દરેક ભાવિકો માટે જુદા જુદા શહેરો અને ગામોના જૈન સંઘો દ્વારા સાકરના પાણીથી લઈ જુદી જુદી ખાદ્ય સામગ્રીની વ્યવસ્થા કરી પાલભક્તિ કરવામાં આવે છે. આ વર્ષોની પરંપરા રહી છે. આ વર્ષે પણ ૯૦થી વધુ પાલોમાં યાત્રીકોની ભક્તિ કરવામાં આવી હતી.

## ભાવનગર જૈન સંઘના વિવિધ જિનાલયોમાં પટ્ટ દર્શન-ભાવયાત્રા સાથે થઈ પાલ ભક્તિ



ભાવનગર જૈન સંઘ દ્વારા આજે ફાગણ શુદ તેરસના દિવસે વિવિધ વિભાગોમાં શંત્રુજય તીર્થ છ'ગાઉ ભાવયાત્રા સાથે પાલ ભક્તિનું આયોજન કરાયું હતું. સમય સંજોગને આધીન જે ભાવીકો પાલિતાણામાં શેત્રુંજય મહાતિર્થની છ ગાઉ યાત્રાએ ન પહોંચી શકે તેવો માટે ભાવનગરમાં ઘરબેઠા પટ્ટ દર્શન સાથે ભાવ યાત્રા ખુબ મહત્વપૂર્ણ હોય છે. શહેરના જુદા જુદા વિભાગોમાં આજ સવારથી શેત્રુંજય મહાતિર્થની વિધિવિધાન સાથેની ભાવયાત્રા ભાવપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. યાત્રાના અંતે દરેક ભાવિકો માટે દહીં અને ઢેબરા તથા ફ્રુટ ડીસ સાથેની પાલભક્તિ કરવામાં આવી હતી. તસવીર : મૌલીક સોની



**પાલિતાણામાં ગુજરાત અને રાજ્ય બહારથી મોટી સંખ્યામાં યાત્રીકો ઉમટી પડ્યા, વહેલી સવારથી ભગવાનના જયઘોષ સાથે શેત્રુંજય તિર્થની યાત્રાનો પ્રારંભ : આદપર ખાતે વિવિધ જૈન સંઘો દ્વારા પરંપરાગત રીતે યાત્રીકોની પાલભક્તિ**

# ચેમ્બરની ચૂંટણીમાં રસાકસીભર્યા માહોલ વચ્ચે બપોર સુધીમાં ૪૦ ટકા મતદાન



**પ્રમુખ પદ માટેના જંગમાં ભારે ઉત્તેજના સાથે સભ્યોનું મતદાન, બપોર સુધીમાં ૪૦૦ સભ્યોએ મતાધિકારનો ઉપયોગ કર્યો : સાંજે પાંચ વાગ્યે મતદાન પૂર્ણ થયા બાદ એ જ સ્થળે હાથ ધરાશે ગણતરી**

ભાવનગર, તા.૨૩

ભાવનગરમાં સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની જાહેર થયેલી ચૂંટણીમાં આજે સવારથી મતદાન યોજાયું છે. જે સાંજે પાંચ વાગ્યા સુધી ચાલશે. ચેમ્બરમાં સિલેક્શનને બદલે ઈલેક્શન આવી પડતા શરૂઆતથી જ માહોલ રસાકસીભર્યો રહ્યો છે ત્યારે આજે મતદાનમાં પણ તેની અસર દેખાઈ હતી અને બપોર સુધીમાં લગભગ ૪૦ ટકા સુધી મતદાન પૂર્ણ થયું છે.

ચેમ્બરમાં એક હજારથી વધુ સભ્યો મતાધિકાર ધરાવે છે. તેમાં કેટલાક નામો રદ થતા એક હજાર જેટલા મતદારો રહ્યા છે જે પૈકી આજે બપોર સુધીમાં ૪૦૦ મતદારોએ મતદાનની પવિત્ર ફરજ નિભાવી હતી. શહેરના સાગર કોમ્પ્લેક્ષ ખાતે આવેલ ચેમ્બર હોલમાં મતદાન પ્રક્રિયા સવારથી ચાલી રહી છે. શહેરના નામાંકીત ઉદ્યોગપતિઓ પણ આજે મતદાન માટે આવ્યા હતા અને પવિત્ર ફરજ નિભાવી હતી. શહેરના વેપાર-ઉદ્યોગના પ્રશ્નો અને સમસ્યાઓના હલ માટે ચેમ્બરની ભૂમિકા મહત્વની હોય છે ત્યારે ચેમ્બરના પ્રમુખનું પદ સક્ષમ વ્યક્તિને સોંપવા દર બે વર્ષે ચૂંટણી થતી હોય છે. ચેમ્બરમાં જે સભ્ય ઉપપ્રમુખ હોય તે નવી ટર્મમાં પ્રમુખ બને છે. અન્ય હોદ્દેદારોને પણ આ રીતે જ પ્રમોશન અપાય છે. આ એક સમજણપૂર્વકની પ્રક્રિયા છે. પરંતુ કેટલાક ચોક્કસ લોકો ચેમ્બરના હોદ્દેદારોને હાથ પર રાખવા ટેવાયેલા છે અને વ્યક્તિગત અહમના કારણે જ આ ચૂંટણી આવી પડી છે આથી ચેમ્બરની ચૂંટણીમાં તિવ્ર હરિફાઈ અને રસાકસી જોવા મળી રહી છે.

વર્તમાન પેનલના પ્રકાશ ગોરસીયા અને પૂર્વ પ્રમુખ મેહુલ વડોદરીયા વચ્ચે પ્રમુખ પદનો સીધો જંગ છે ત્યારે ચેમ્બરના મતદારો આ જવાબદારી માટે કોને ચૂંટે છે તે મોડી સાંજે જાહેર થઈ જશે. સાંજે પાંચ વાગ્યે મતદાન પૂર્ણ થયા બાદ તે જ સ્થળે થોડા સમય બાદ મતગણતરી હાથ ધરાનાર છે. ઉલ્લેખનીય છે કે, મેનેજીંગ કમિટીના સભ્યો માટે પણ ચૂંટણી યોજાય છે પરંતુ તેમાં કોઈ હરીફ રહ્યું નથી ત્યારે એકમાત્ર પ્રમુખ પદ માટે રસાકસી જામી છે અને ચૂંટણી પૂર્ણ થયા બાદ મોડી સાંજે અથવા રાત્રે જ કોણ પ્રમુખ પદે જીતે છે તે જાહેર થશે.

# બહાર લારી-પાથરણાવાળાઓનો અને અંદર આવારા તત્વોનો ત્રાસ : બીઝનેસ સેન્ટરના વેપારીઓ ત્રાહિમામ

**કોમ્પલેક્ષના પેસેજમા અડ્ડો જમાવતા પાથરણા વાળાના પરિવારને બહાર કાઢનાર વેપારીઓ સાથે ઝઘડો કરી ગાળાગાળી કરતા હોવાની પોલીસમા રજૂઆત**





ભાવનગર, તા.૨૩

ભાવનગર શહેરની મધ્યમાં ઘોઘા ગેટ ચોક ખાતે આવેલા વિશાળ વિજ્ઞાન સેન્ટર કોમ્પ્લેક્સ માં છેલ્લા કેટલાય સમયથી કોમ્પલેક્ષની બહાર લારી તથા પાથરણા વાળાઓનો અને કોમ્પલેક્ષની અંદર પણ પાથરણા વાળાના પરિવારજનોનો ત્રાસ હોય વ્યાપારીઓ ત્રાહિમાંમ પોકારી ઊઠ્યા છે. આખરે વેપારીઓ દ્વારા આવારા તત્વોના ત્રાસમાંથી મુક્ત કરાવવા માટે પોલીસ તથા મ્યુ. કમિશનર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

ભાવનગરના ઘોઘા ગેટ ચોકમાં આવેલા બિઝનેસ સેન્ટર ની બહાર લારીઓ વાળા રસ્તા પર બેસી વેપાર કરી રહ્યા છે જેના કારણે બિઝનેસ સેન્ટરમાં આવતા ગ્રાહકો તથા બિઝનેસ સેન્ટરમાં દુકાન ધરાવતા વેપારીઓને પોતાના વાહન લઈને આવવું પણ મુશ્કેલ થઈ પડે છે અને ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાય છે. પોલીસ ચોકીની સામે જ આ તમામ વસ્તુઓ છેલ્લા કેટલાય સમયથી થઈ રહ્યો હોવા છતાં તેઓને હટાવવામાં આવી રહ્યા નથી અગાઉ સીટી ડીવાયએસપી સફેદ હસનને પણ રજૂઆત કરવામાં આવી હતી તેમણે તાત્કાલિકના ધોરણે લારીઓ વાળાને હટાવ્યા હતા પરંતુ ફરી તેઓ ગોઠવાઈ જવા પામ્યા છે અને વેપારીઓને તથા ગ્રાહકોને ખૂબ જ નડતરરૂપ થઈ રહ્યા છે. આ ઉપરાંત આ લારીઓ વાળાનો પરિવાર એટલો મોટો છે કે આખો દિવસ બિઝનેસ સેન્ટરમાં જ પડ્યા રહે છે અને કોમ્પ્લેક્સના પેસેજમાં અડ્ડો જમાવી બેસી રહ્યા હોય અને ગંદકી પણ કરી રહ્યા હોય જો કોઈ વેપારી દ્વારા તેઓને રોકવાનો કે કાઢવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે વેપારીઓ સાથે ગાળા ગાળા કરી ઝઘડા કરે છે ગઈકાલે શુક્રવારે પણ વેપારીઓ સાથે ઝઘડો થતા તમામ વેપારીઓ એકઠા થઈ ગયા હતા અને આ લોકોના ત્રાસમાંથી મુક્ત કરાવવા માટે વેપારીઓ દ્વારા પોલીસ તથા મ્યુનિસિપલ કમિશનર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

## વીરપુર ગામની સીમમાં જુગાર રમતા પાંચ ખેલૈયા ઝડપાયા

ભાવનગર તા.૨૩

જેસર તાબેના વીરપુર ગામમાં આવેલ ધોળેસરના રસ્તા પરની વાડીના શેઢે લાઈટના અજવાળે જુગાર રમતા પાંચ ઈસમોને જેસર પોલીસે રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

જેસર પોલીસ કાફલો ગત રાત્રીના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન મળેલી બાતમીના આધારે વીરપુર ગામમાં આવેલ ધણેસરના પાટીયા પાસે અજીતભાઈ નગુભાઈ વાળાની વાડીના શેઢે લાઈટના અજવાળે જુગાર રમતા અજીતભાઈ નગુભાઈ વાળા, વિક્રમ આતુભાઈ વાળા, વિક્રમ ચીંથરભાઈ રાઠોડ, ગોવિંદ વેલાભાઈ સરવૈયા અને હિંમત ચિથરભાઈ રાઠોડ ને રોકડા રૂ.૪૫૦૦/- સાથે ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. વાડીનો માલિક અજીત નગુભાઈ વાળા નશો કરેલી હાલતમાં હોય તેની વિરુદ્ધ પ્રોહિબિશનની કલમ હેઠળ પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

